**પ્રકાશકઃ**
સૃષ્ટિ ઈનોવેશન્સ

પો.બોક્ષ નંબર:૧૫૦૫૦
આંબાવાડી,અમદાવાદ.૩૮૦૦૧૫
Email:info@sristi.org

ISBN:......................

કોપી રાઈટ : **સૃષ્ટિ ઈનોવેશન્સ**
લેખક : **નીપા ભટ્ટ**

Email:neepaarpitbhatt@gmail.com

પ્રથમ આવૃત્તિ : **જાન્યુઆરી ૨૦૧૭**
પૃષ્ઠ:૬૪
સહયોગ મૂલ્ય :૭૫ (ટપાલ ખર્ચ અલગ)
નકલ: ૫૦૦

મુદ્રણ:
**ભારતી એમ. પરમાર**
(સહતંત્રી - બી.કે.ન્યૂઝ દૈનિક ડીસા)
યુવા ગ્રીન ફાઉન્ડેશન, ગુજરાત
સપ્તરંગી ફાઉન્ડેશન, ગુજરાત
કવન ફાઉન્ડેશન, બનાસકાંઠા

વિદ્યાર્થીઓના મૌલિક વિચાર અને નવસંશોધનની હરીફાઇ

# ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ઇગ્નાઇટ સ્પર્ધા

Honey Bee Network

www.nif.org.in

વિદ્યાર્થીનું નામ:______________________ ધોરણ:__________

વિદ્યાર્થીનું સરનામુ:______________________ મો__________

શાળાનું નામ અને સરનામુ:______________________

______________________

સંપર્ક માટે વર્ગ શિક્ષકનુ નામ:______________________ મો__________

**સમસ્યાઓને ઉકેલતો નવો વિચાર અથવા નવસંશોધન** (એક કરતાં વધુ વિચાર લખી મોકલાવી શકાય છે):

______________________

______________________

______________________

______________________

______________________

______________________

______________________

______________________

______________________

______________________

વધુ માહિતી માટે સંપર્ક:

**પાછળની બાજુ પણ લખવા માટે ઉપયોગ કરી શકો છો.**



www.sristi.org

**સૃષ્ટિ સંસ્થા,**
એઈએસ બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી અને સ્ટેટ બેંક પાસે,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન. ૦૭૯-૨૭૯૧ ૩૨૯૩, ૨૭૯૧ ૨૭૯૨
ઇમેલ: ignite15@nifindia.org, વેબસાઇટ: www.nif.org.in/ignite, www.sristi.org

# પ્રસ્તાવના

## નોખા વિચારના અનોખા આકાર સાથે...

અનોખું પુસ્તક અને અનોખો વિષય.આ પુસ્તકની વાત કરતાં પહેલાં એક ચોક્કસ ઘટના યાદ કરવી જરૂરી થઇ પડે.ડૉ.અબ્દુલ કલામ.ભારતરત્ન અને  મિસાઈલ મેન કલામની જન્મ તારીખ ૧૫ ઓક્ટોબર.આ દિવસે સમગ્ર ભારતમાંથી પસંદ થયેલ બાળકોને સન્માન આપવામાં આવે છે.આ સન્માન આપવાની શરૂઆત અબ્દુલ કલામ રાષ્ટ્રપતિ હતા ત્યારથી થઇ હતી.આજીવન શિક્ષક ઉપરાંત આજીવન શીખતા રહેનાર ડૉ.કલામના અવસાન પછી આ સન્માનને એ.પી.જે.અબ્દુલ કલામ ઇગ્નાઇટ એવોર્ડ ને નામે આપવામાં આવે છે.દર વર્ષે રાષ્ટ્રપતિ ભવન ખાતે ત્રણ દિવસ દરમિયાન ક્રિએટીવ વર્કશોપનું આયોજન  અને એવોર્ડ મેળવનાર બાળકોનું સન્માન કરવામાં આવે છે.

જીવાતા જીવન સાથે સામે આવતી સમસ્યાઓ અને અને તેના નવતર વિચારો અને એવીજ અવનવી રજૂઆત કરનાર બાળકોને પસંદ કરવામાં આવે છે.નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન,ન્યુ દિલ્હી. સૃષ્ટી ઓર્ગેનાઈજેશન અને હની બી નેટવર્ક જેવી વૈશ્વિક સંસ્થાઓ ધ્વારા આ બાળકોને પસંદ કરવાની અને સન્માન અપાવવાની કવાયત થાય છે.જે બાળકે નવો વિચાર આપ્યો હોય તે બાળકને પેટન્ટ અપાવવાનું પણ કામ થાય છે.અરે!પેટન્ટ આપ્યા પછી તેને ઉત્પાદકો કે અમલ કરનાર એજન્સી સુધી પહોંચાડવામાં આવે છે.

આવા વૈશ્વિક કાર્યને પૂર્ણ કરવા માટે વર્ષ દરમિયાન સતત કામ ચાલે છે.ભારતના વિવિધ શહેરો,પ્રદેશો અને રાજ્યોમાં આઈડીયા કોમ્પીટીશન યોજવામાં આવે છે.સમગ્ર ભારતમાંથી આ રીતે બાળકો સાથે સંપર્ક કરી તેમને પોતાની વાત રજૂ કરવાની તક આપવામાં આવે છે.ગુજરાતમાં પણ અબ્દુલ કલામની જન્મ તારીખ અનોખી રીતે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.સમગ્ર ગુજરાતમાંથી ૩૪૦ કરતાં વધારે વિચારો બાળકો ધ્વારા આપવામાં આવ્યા.આ પૈકી અંતિમ ૧૬ વિચારોને આઈ.આઈ.એમ ખાતેના આયોજન માટે પસંદ કરવામાં આવ્યા.આ સોળ બાળકોએ પોતાના વિચારને અહીં રજૂ કર્યો.આ બાળકોના વિચારોને બિરદાવવા સૃષ્ટિ ઓર્ગેનાઈજેશનના સ્થાપક અને એન.અએ.એફના વાઈસ ચેરમેન પદ્મશ્રી અનીલ ગુપ્તા,એન.આઈ.એફના ડીરેક્ટર શ્રી બીપીન કુમાર,આઈ.આઈ.એમ ના પ્રોફેસર અને એજ્યુકેશન ઇનોવેશન બેન્કના માર્ગદર્શક શ્રી વિજયા શેરીચંદ ઉપરાંત પસંદગી સમિતિના સભ્યો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

અહીં આવેલ બાળકોમાં એક અનોખો વિદ્યાર્થી.સૌથી નાની ઉંમરના બાળવાર્તાના લેખક તરીકે પુસ્તક પ્રકાશિત કરનાર મહેન્દ્ર પરમારનું અહી સન્માન થયું.આ બાળકોના વિચારને પ્રોત્સાહન મળે તેવા હેતુ સાથે આ બાળકો એક પુસ્તકનું નિર્માણ કરવાનું વિચાર્યું.ખૂબ જ ઝડપથી આ પુસ્તક માટેની જરૂરી વિગતો મોકલી આપનાર સૌ શિક્ષકો

અને માર્ગદર્શકો ઉપરાંત આઈ.આઈ.એમ એજ્યુકેશન ઇનોવેશન બેન્કના મેઘા ગજ્જર,સૃષ્ટિના સાથી શ્રી ચેતન પટેલ ઉપરાંત સહજ અને સરળ રીતે આ પુસ્તકનું ભાષા સંપાદન કરી આપનાર શ્રી મીનેશ વાળંદ ને આ તબક્કે વિશેષ આભાર વ્યક્ત કરૂં છું.તેમના સહયોગ વગર આ કામ શક્ય બની શકે તેમ ન હતું.પુસ્તકનું મુખપૃષ્ઠ બનાવી આપનાર શ્રી નીલમભાઈ  પટેલ અને શ્રી જયેશભાઈ પટેલને આ તબક્કે યાદ કરૂં છું.

કાવેરી ડે કેર સંકુલ ખાતે આ પુસ્તકનું વિમોચન થઇ રહ્યું છે ત્યારે આ પુસ્તક પ્રકાશન માટે સાથ આપનાર સર્વેનો હું આભાર માનું છું.આવા નોખા વિચારને અનોખો આકાર આપવા માટે સહમતી દર્શાવનાર સૃષ્ટિ ઓર્ગેનાઈજેશન અને શ્રી રમેશભાઈ પટેલનો આ તાબક્કે ખાસ આભાર માનું છું.આશા રાખું છું કે આ પુસ્તક આપને ગમશે.પુસ્તકમાં રહી ગયેલ ભૂલ તરફ ધ્યાન દોરશો તો ગમશે.

નીપા ભટ્ટ
૩૬,કર્મચારી નગર.
મહેસાણા
*neepaarpitbhatt@gmail.com*
*07779013137*
કાવેરી ડે કેર સ્કુલ
નેશનલ આઈડીયા કોમ્પીટીશન.
તારીખ:૧૧ જાન્યુઆરી ૨૦૧૭



# લખનાર અંગે થોડું...

બનાસકાંઠા જિલ્લામાં ડીસા તાલુકો આગવું સ્થાન ધરાવે છે.કેટલીક બાબતોમાં ડીસા અનોખી સિદ્ધિઓ ધરાવે છે. સમગ્ર ભારતમાં સૌથી વધારે શાળાઓ ધરાવતો તાલુકો પણ ડીસા જ છે.સમગ્ર ભારતમાં બટાકા ઉત્પાદન માટે સદાય અગ્રેસર એટલે ડીસા.આટલો મોટો અને ચોક્કસ ખાસિયત ધરાવતા તાલુકામાં ફરજ બજાવતી એક શિક્ષિકાના અહીં પરિચયની અહી વાત કરવી છે.

નીપા ભટ્ટ ડીસા તાલુકાના ઈન્દીરાનગર(સમ.) પ્રાથમિક શાળામાં નોકરી કરે છે. ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રીમતી નીપા અર્પિતકુમાર ભટ્ટ છેલ્લા છ વર્ષથી શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે.શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટે અનોખું અને નવતર તેઓ કરતાં રહે છે. આવું કરવાના વિચાર સાથે તેમને એક નાની પ્રવૃત્તિ શરુ કરી.

તેઓએ બાળકોના માનસિક વિકાસ માટે પ્રયત્નો કર્યા.''મેન્ટલ એબેલીટી'' વધે તે માટે શ્રીમતી નીપા ભટ્ટ ધ્વારા ''મેન્ટલી એબેલીટી ડેવલોપમેન્ટ'' માટેના પ્રયત્નો કર્યા. વિવિધ વય જૂથના બાળકો માટે કોયડાનો અભ્યાસ કર્યો.આવા કોયડા એકઠા કર્યા.નવા બનાવેલ અને શોધેલા આ કોયડાને સરળથી કઠીન તરફ ગોઠવ્યા.આ કોયડાને શાળામાં નિયમિત રજૂ કરવાનું વિચાર્યું.નીપા ભટ્ટ ધ્વારા એક કોયડો નિયમિત રજૂ કરવામાં આવે છે.આ કામની ધીમી અને મક્કમ શરૂઆત થઈ છે.આવું હોવાથી બાળકોને પણ સહજ રીતે જોડાયાનો અનુભવ થાય છે.આ શાળામાં પણ ધીરે ધીરે આ અનોખી પ્રવૃત્તિની અસર થવા માંડી.આ પ્રવૃત્તિ વધવા માંડી અને સ્વીકારાયેલ છે.

માત્ર ગણિત કે વિજ્ઞાન વિષય માટે જ નહિ.તેમના દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે.સંગીતમાં વિશારદ અને શિક્ષા વિશારદ ઉપરાંત શાસ્ત્રીય નૃત્યમાં પણ વિશારદ સુધીની લાયકાત નીપા ધરાવે છે.માત્ર લાયકાત ધરાવે છે એવું નહિ આ બંને કલામાં તેઓ નિપૂણ છે. યુવક સેવા અને સંસ્કૃતિક વિભાગ ધ્વારા અનેક કાર્યો સાથે તે જોડાયેલ છે. યુનીવર્સીટી કક્ષાના યુવક મહોત્સવમાં તેઓ મહત્વની જવાબદારી નિભાવે છે.જિલ્લાથી પ્રદેશ અને રાજ્ય સુધી વિવિધ સ્પર્ધામાં તેઓ નિર્ણાયક તરીકે સેવા આપે છે. છેલ્લા ચાર વર્ષથી તેઓ નિર્ણાયક તરીકે સેવા આપે છે. શાસ્ત્રીય નૃત્યના નિર્ણાયક તરીકે પોતાની અનોખી ઓળખ ધરાવે છે.

ટેકનોલોજીનો ઉપયોગ અને શિક્ષણના માટે તેઓ તત્પર છે.નવતર વિચારોને અમલી બનાવવા માટે તેઓ સદાય ઉત્સાહ દર્શાવી અમલી બનાવે છે.આ પુસ્તકના લેખક માટે કહું તો... ખૂબ જ ચીવટ અને સરળ રીતે કામ કરવાની તેમની આવડત આ પુસ્તક નિર્માણમાં જોવા મળેલ છે. તેમના વિવિધ અને અનોખા જીવન કૌશલ્યને લીધે જ તે આવું અનોખું પુસ્તક તૈયાર કરી શક્યા છે. આ પુસ્તક ગુજરાત અને મહારાષ્ટ્રમાં શિક્ષણ સાથે જોડાયેલ સૌને ઉપયોગી છે. વિવિધ કૌશલ્યોના સચોટ જાણકાર હોવા છતાં સહજ રીતે પોતાનું કામ કરનાર એક શિક્ષિકા તરીકે લેખિકાને ઓળખું છું. આજે લેખક પરિચય આપતાં હું એટલું જ કહું કે આ પ્રકારનું પુસ્તક દર વર્ષે પ્રકાશિત થાય તેવી જવાબદારી નીપા ભટ્ટ અપાવે તેવી આશા રાખું છું.

**ડૉ. ટી.એસ.જોષી**
નિયામકશ્રી,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

# ભાષા સંપાદકની વાત

સમસ્યાઓના સમાધાન એટલે નવાચાર આજે આ એન્ડ્રોઈડ જમાના માં આઈડીયાનો કોઈ દુકાળ નથી અને આ આવા નવીન ઈનોવેટીવ  આઈડીયાને પોષણ મળે એ અનીવાર્ય છે ત્યારે વીવીધ સંસ્થાઓ ઈનોવેશન અને ઈનો વેટરમાટે સતત કામ કરી રહી છે  ત્યારે આવા ઈનોવેશન અને ઈનોવેટરને શોધવાનુ અને ઓળખાવવાનુ  કામ થાય એ પણ એટલુજ આવશ્યક છે. આવા સમસ્યાના શોધક ને ઓળખ આપવાનુ કામ આ પુસ્તક સ્વરૂપે થઈ રહ્યુ છે. એ જાણી ખુબ જ હર્ષ થયો

દરેક બાળકમાં ખુબજ શક્યતાઓ રહેલી છે. એ વાત  સર્વ સ્વીકાર્ય છે. ત્યારે બાળકોની શક્યતાઓને ઉજાસવાનુ કામ વિવિધ તબક્કે થઈ રહ્યુ છે. એમાં આવી બાળકોની શક્યતાઓની ગુંજાઈશ પારખવાનુ સૌભાગ્ય  પુસ્તક રૂપે થઈ રહ્યુ છે ત્યારે આવા નવાચારના વિચાર  સ્રોનુ ભાષા સંપાદન કરતાં ખુબજ ધન્યતા અને રાજીપો સાથે ગૌરવની લાગણી અનુભવી રહ્યો છુ.

દેશમાંથી નવાચારનો સ્રોત ખુબજ મોટા પ્રમાણમા સાંપડી રહે  છે. ત્યારે આવા નવાચારકોઈ એક પ્રદેશ .વિસ્તાર કે મહોલ્લામાં ન રહેતા તેનો   વિસ્તાર થાય એવા શુભાશયથી નીપા બેન ભટ્ટના ભગીરથ યત્નના નવનીત સ્વરૂપે પુસ્તક પ્રકટ થતા આવા નવાચારને બળ મળશે. અને નવાચાર તરફ વિચાર સ્ફુરણા થતા સર્વને પ્રેણા મળશેજ મળશે એવી સંપુર્ણ શ્રધ્ધા છે.

નીપાબેન ભટ્ટ દ્વારા રાજ્યભરમાંથી અને રાજ્ય બહારના ઈનોવેશન અને ઈનોવેટીવ આઈડીયાને સંગ્રોહીત કરવા કરેલા પુસ્તક સંપાદન રૂપી પ્રયત્ન અને ઈનોવેશન અને ઈનોવેટીવ આઈડીયાને જરૂર બળવત્તર બનાવશે શક્યતાઓ અને સફળતા વચ્ચે આ પુસ્તક સેતુ રૂપ અને દિવાદાંડી સાબીત થશેજ થશે એવુ કહેવુ અતિશ્યોકિત નહી લાગે

આ પુસ્તકરૂપી નવાચાર શોધક યાત્રાની સફર સફળતા પ્રાપ્ત કરશે અને જરૂર જરૂર ચોકોર પોંખાશે સથોસાથ નીપાબેન ભટ્ટના શબ્દાનુભાવ કોઈકને પ્રેરણા તો કોઈકને પ્રોત્સાહન પૂરૂ પાડનારૂ સાબીત થશે તેવી શ્રધ્ધા સાથે ...

**મિનેશ એન વાળંદ ‘‘મિત્ર’’**

P.T.C..B.A.B.ED

પાઠ્યપુસ્તક લેખક ગુજરાત રાજ્ય



# અનિલ ગુપ્તા

# અર્પણ



આ પુસ્તક

મારાં મમ્મી

રશ્મીકાબેન એ. ભટ્ટ

અને

પપ્પા

અશોકકુમાર એસ.ભટ્ટને અર્પણ.

જેમણે મને મારું આ જીવન અર્પણ કર્યું.

અમારા માટે બધું જ કર્યું.

અનેક દુ:ખ વેઠી મારા જીવનમાં સુખ ભર્યું.

# અનુક્રમણિકા


| ક્રમ | નવાચાર કરનારનું નામ | પાન નંબર | ક્રમ | નવાચાર કરનારનું નામ | પાન નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | શિવમ આચાર્ય | ૧ | ૧૯ | અવની પટેલ | ૩૫ |
| ૨ | નૈનેશ દવે | ૩ | ૨૦ | ચૈતન્ય જાની | ૩૬ |
| ૩ | હાર્દિક ઝાલા | ૫ | ૨૧ | ડૉ.ભાવેશ પંડયા | ૩૭ |
| ૪ | કુમારપાળ પટેલ | ૭ | ૨૨ | કિંજલ કટારા | ૩૯ |
| ૫ | યુગ્વી સોની | ૯ | ૨૩ | આકાંક્ષા જીવણા | ૪૧ |
| ૬ | કે.વી.પટેલ | ૧૧ | ૨૪ | રાજલક્ષ્મી મનોહર | ૪૨ |
| ૭ | મહેન્દ્ર પરમાર | ૧૩ | ૨૫ | અશોક પરમાર | ૪૩ |
| ૮ | પ્રીતિ ગાંધી | ૧૫ | ૨૬ | યશશ્રી પાટીલ | ૪૫ |
| ૯ | નિષ્ક ભટ્ટ | ૧૭ | ૨૭ | વૈદેહી સોની | ૪૬ |
| ૧૦ | શરદભાઈ પાટીલ | ૧૯ | ૨૮ | બાલાસાહેબ વાઘ | ૪૭ |
| ૧૧ | જયકૃષ્ણ પાટીલ | ૨૦ | ૨૯ | લક્ષ્મણ કામ્બલે | ૪૮ |
| ૧૨ | ગીતાંશ પટેલ | ૨૧ | ૩૦ | સારંગ મશાલે | ૪૯ |
| ૧૩ | પ્રવિણસિંહ ઝાલા | ૨૩ | ૩૧ | સિદ્ધરામ રામગોંડા | ૫૦ |
| ૧૪ | ધારા ભટ્ટ | ૨૫ | ૩૨ | હેમા સિંદે | ૫૧ |
| ૧૫ | ઋચા પંડયા | ૨૭ | ૩૩ | રવિન્દ્ર કોલી | ૫૨ |
| ૧૬ | ચાર્મી પંડયા | ૨૯ | ૩૪ | મયુર સોઢા | ૫૩ |
| ૧૭ | નિર્ઝર દવે | ૩૧ | ૩૫ | યોગેશ આચાર્ય | ૫૫ |
| ૧૮ | પંકજભાઈ પ્રજાપતિ | ૩૩ | ૩૬ | રાકેશ પટેલ | ૫૭ |



"ડસ્ટરનો કચરો ક્યારે ન ઉડે,
સૌને વર્ગમાં રાહત મળે."
- શિવમ આચાર્ય

## શ્વાસનો રોગ કોઈને ન થાય, જીવન સહજ જીવી શકાય



શિવમ આચાર્ય ધોરણ-૫માં 'અંકિત વિદ્યાલય' માં ભણે છે. શિવમની મમ્મી પ્રિન્સીપાલ અને તેના પપ્પા સી.આર.સી.કૉ ઓર્ડીનેટર છે. આમ બંને શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલાં છે. શિક્ષણમાં તેમને કરેલા ઈનોવેશન અને અન્ય ઉમદા કામગીરીની નોંધ લેવાઈ છે. તેઓ અનેક એવોર્ડ અને સન્માનપત્રો મેળવી ચૂક્યાં છે. પાઠ્યપુસ્તક નિર્માણમાં પણ તેમનું પ્રદાન છે.

શાળામાં શિવમની ઓળખ હોંશિયાર વિદ્યાર્થી તરીકેની છે. તે પરીક્ષામાં ઉત્તમ ગ્રેડ મેળવે છે. શાળામાં ચાલતી દરેક ઈત્તર પ્રવૃત્તિમાં તે રસપૂર્વક ભાગ લે છે. યોગા,ડાન્સ અને વૈદિક ગણિતમાં તેને વિશેષ રસ છે. જીજ્ઞાસા અને કુતૂહલતા, અવલોકન અને નિરીક્ષણ તેના નોંધપાત્ર ગુણ છે. તેને પ્રવાસનો શોખ છે. દેશ -વિદેશનાં કોઈપણ પ્રવાસમાં તે પોતાની પાસે જે તે સ્થળનો નકશો અચૂક રાખે છે. તે નકશો વાંચી અને સમજી લે છે. પ્રવાસથી પરત ફર્યા બાદ તેના વિશે લખે પણ છે. ચિત્ર-કવિતા પઠનમાં તે અવ્વલ છે. વળી, તે પ્રકૃતિપ્રેમી છે. નદી, સરોવર, તળાવ જોઈ તે આંનદ પામે છે. પશુ-પક્ષીઓનું ઝીણવટભર્યું તેનું નિરીક્ષણ હોય છે. આ બધી જ બાબતો તે જયારે ચિત્રમાં મૂકે છે, ત્યારે ચિત્ર જીવંત થઈ ઊઠે છે. શિવમે અનેક



પ્રમાણપત્રો મેળવ્યા છે.

શિવમ મોટે ભાગે આગળ બેસે છે. અત્યાર સુધી તેને ચારેક શાળાઓમાં અભ્યાસ કર્યો છે. તેની શરૂઆત અંગ્રેજી માધ્યમથી થઇ પરંતુ તેને પોતેજ ગુજરાતી માધ્યમમાં ભણવાની વાત કરી. કેરેવાન, કડી સર્વ વિદ્યાલય અને શાળા નં. ૯ અને અત્યારે હાલ અંકિત વિદ્યાલય કલોલમાં અભ્યાસ કરે છે. તેનું નિરીક્ષણ છે કે શિક્ષક બોર્ડમાં લેખન કાર્ય બાદ, લખેલું લખાણ ડસ્ટર વડે ભૂસે છે. પછી તે દીવાલ, ટેબલ કે બેંચ ઉપર અફડાવે છે. આમ તેમનો હેતુ ડસ્ટરમાંથી ચોકના કણ ખંખેરવાનો હોય છે. આ સમયે શિક્ષક પોતે પોતાનું માથું વિરુદ્ધ દિશામાં રાખે છે. જેથી ચોકના રજકણો શ્વાસમાં ઓછા જાય. ક્યારેક વિદ્યાર્થીઓ પણ નાક ઉપર હાથ રાખી લેતા હોય છે. આનાથી સ્વાસ્થ્યને નુંકશાન તો થતું જ હોય છે, સાથે સાથે ભીંત કે ટેબલ પણ ગંદુ થાય. સ્વચ્છતા અને સ્વાસ્થ્ય ઉપર અસર કરતી આ સમસ્યાનો ઉકેલ શિવમે પોતાની રીતે શોધી કાઢ્યો. તેને ચાર પૂંઠાં અને ઉપર છાપરું બનાવી ‘ ડસ્ટર બોક્સ ’ નું નિર્માણ કર્યું. બોક્સનું ભોયતળિયું નક્કરનું રાખ્યું. ભોયતળિયામાં તેને નાના નાના છિદ્રો પાડી દીધા. જેથી શિક્ષક જયારે ડસ્ટર ખંખેરે ત્યારે ચોકના રજકણો બોક્સનાં નીચેના ભાગમાં એકઠા થાય. આ ભાગ ખેંચવાથી ખૂલે તેવો છે. ચોકના રજકણોથી આ ભાગ ભરાઈ જ જાય ત્યારે તેને ‘ડસ્ટર બોક્સ’ માંથી અલગ પાડી, ડસ્ટબીન કે અન્ય સુરક્ષિત જગ્યાએ તેનો નિકાલ કરી શકાય. સ્વાસ્થ્ય અને સ્વચ્છતાની દ્રષ્ટિએ શિવમનો આ વિચાર મહત્વનો પૂરવાર થયો છે.

શિવમે પોતાના આ ઈનોવેશનને વર્ગખંડ પૂરતું મર્યાદિત નથી રાખ્યું. શાળાના અન્ય વર્ગખંડો માટે પણ તેણે ‘ડસ્ટર બોક્સ’ બનાવ્યા છે. કલોલ અને ગુજરાતની દરેક શાળામાં આવા ‘ડસ્ટર બોક્સ’ હોય તેવી શિવમની ઈચ્છા છે. જેથી શિક્ષક-વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર વિપરીત અસર ન થાય અને સ્વચ્છતા પણ જળવાય.





"એક શાળા, શ્રેષ્ઠ શાળા,
જાણે મણકાની એક જ માળા"
- નૈનેશ દવે

# શાળા વિકાસ માટે, લોક સહયોગ જરૂરી છે.



મારી શાળા... સારી શાળા... શ્રેષ્ઠ શાળા બને. આજના ખાનગી શાળાઓના સમયમાં મારી શાળા સમાજમાં આગવી ઓળખ બનાવે અને  આ શાળા સ્વિકૃત થાય. આ માટે શાળામાં અનેકવિધ કાર્યક્રમો મેં મારી ‘‘ટીમ માલણ’’ સાથે રહી હાથ ધર્યા. શાળા, શિક્ષક, સમાજ અને વિધ્યાર્થીનો ત્રિકોણ પૂરો કરવા કરેલી વિગતો અને પ્રક્રિયા ધ્વારા ‘‘શાળા વિકાસ’’ ના અવરોધ દૂર કર્યા.

સમાજમાં અને ગામમાં શાળાને પ્રસ્થાપિત કરવા સૌ પ્રથમ ગુણવત્તા ઉપર કામ કરવાનું શરુ કર્યું. સૌ પ્રથમ તેઓએ વિદ્યાર્થીઓના અક્ષર સુધારણા પ્રૉજેક્ટ અમલમાં મૂક્યો. વિદ્યાર્થીને વ્યક્તિગત માર્ગદર્શન,સૂક્ષ્મ ચકાસણી અને કેલીગ્રાફીની મદદથી સમગ્ર ટીમ માલણે કામ કર્યું. જેમાં બે વર્ષને અંતે ૭૦% કરતાં વધુ પરિણામ મળ્યું.

સર્વાંગી વિકાસનું અને એ દ્વારા સમાજમાં ચોક્કસ પ્રકારના હકારાત્મક કાર્યો થકી શિક્ષણ સાથે સમાજનો વિકાસ કરવાનું માધ્યમ એટલે શાળા. પરંતુ તેમની માલણ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળા માટે લોકોનો સહકાર અને તે દ્વારા ગુણવત્તાલક્ષી શિક્ષણ પ્રક્રિયા જરૂરી હતી. સમસ્યા એ રહી કે, શાળા તરફ ગ્રામજનો  દુર્લક્ષ સેવતા હતા. જેના કારણે શિક્ષણમાં પણ નબળાઇ જોવા મળતી હતી.

શાળાના શિક્ષકના વિદાય પ્રસંગે તેઓએ ગ્રામજનો પાસેથી સહકારની આયોજન પૂર્વક માંગણી કરી, જેમાં દાતાઓ દ્વારા શાળાની પ્રાથમિક સુવિધા જેમકે ગ્રીનબૉર્ડની સુવિધા પૂરી કરવા માટે ૧ લાખ કરતાં વધુ રકમ એકઠી કરી. આ રકમ ધ્વારા એમને ગ્રામજનોએ  ગ્રીન બૉર્ડની ખરીદી કરી



આપી. ગ્રામજનોનો પ્રથમ વખત અત્યાર સુધીનો સૌથી મોટો આર્થિક સહયોગ નિવૃત્તિ સમારંભમાં આપ્યો.

ગ્રામજનોને શાળામાં અને શાળાપરિવારને ગ્રામજનો દ્વારા મળેલ સહકારથી પરસ્પર વિશ્વાસ અને જવાબદારીની એક પ્રાથમિક વ્યવસ્થા ઊભી કરવામાં સફળતા મળી. આ વિશ્વાસને વધુ આગળ ધપાવતાં ગ્રામજનોએ વિવિધ તબક્કે આર્થિક જવાબદારી નિભાવી અને શાળા પરિવારે વિવિધ કાર્યક્રમો આયોજનો, શૈક્ષણિક પ્રક્રિયાઓ અને પ્રદર્શન દ્વારા એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન વિચાર્યું. આ કાર્યક્રમનુ કુલ દાન અને આયોજનનો ખર્ચ અંદાજે પાંચ લાખ કરતાં વધું થવા જાય છે. જે એક સમયે શાળામાં દાન કે સહયોગ ન મળતો હતો ત્યાં આ પાંચ લાખ રૂપિયાના લોક સહયોગથી શાળાની પ્રાથમિક સમસ્યાઓ અને ગુણવત્તા આધારિત કાર્યક્રમો કરવા એસ.એમ.સી. અને ગ્રામજનોનો સહયોગ પ્રાપ્ત થવા માંડ્યો.

જેના પરિણામે આ શાળાની નવીન ઓળખ ઊભી થઇ. ગ્રામજનો શાળા પરિવાર સાથે સંકળાયા જેના કારણે શિક્ષક, સમાજ અને વિધ્યાર્થીઓનો શૈક્ષણિક ત્રિકોણ સહજ રીતે પૂર્ણ થયો. આમ, ગુણવત્તાસભર પ્રાપ્તિ માટે અમોએ માસિક, પખવાડિક, સાપ્તાહિક અને દૈનિક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું. બ્લેક બૉર્ડ,પાણી અને મેદાનનું વ્યવસ્થાપન, બાળકોને ગ્રામજનો મારફત મદદ જેવી નાનીનાની પણ જરૂરી બાબતો પર તેઓએ કામ કરવાનું શરૂ કર્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં દાતાશ્રી ધ્વારા તમામ વિધ્યાર્થીઓને સ્વેટર આપવામાં આવ્યાં. તમામ બાળકોને એક જોડી બૂટ અને બે જોડી મોજાં દાતાશ્રી મારફત મળ્યા.

૨૬ મી જાન્યુઆરીનો તાલુકા કક્ષાનો કાર્યક્રમ કર્યો. જેથી સરકારશ્રી ધ્વારા પેવર બ્લોક મંજૂર કરવામાં આવ્યા. શાળાના વાલીઓએ ભેગા થઇ દરેક રૂમમાં બે પંખાની વ્યવસ્થા કરી આપી.

સેટર-ડે સેલીબ્રેશનમાં અમારી શાળાનો પ્રાર્થના કાર્યક્રમ બે ઘડી માણવા જેવો. બાળકોની સહભાગીદારી અને શિક્ષકશ્રીઓના માર્ગદર્શનથી કાર્યક્રમમાં બાળકો ખરેખર રંગત જમાવે. અવારનવાર બાળકો અને ગુરુજીઓ નવીન પ્રવૃત્તિઓ રજૂ કરવાનું કર્યું.

શાળાના આચાર્યશ્રી નિયમિત રીતે પ્રાર્થનાસભામાં હાજર રહી બાળકોના સર્વાંગીણ વિકાસ માટે જરૂરી માર્ગદર્શન, પ્રેરણા અને પ્રોત્સાહન આપે. શાળાના વર્ષ૨૦૧૪/૧૫ ના શૈક્ષણિક સત્રની શરૂઆતમાં પ્રથમ આયોજન મીટિંગમાં જ તેઓએ Saturday Celebration અંગેની વાત કરી. તેઓશ્રીએ દર શનિવારે આ કાર્યક્રમ યોજવો તેવું સૂચવ્યું. અને કેવા-કેવા કાર્યક્રમો રાખી શકાય તે અંગે વિગતે વાતો કરી. સૌ શિક્ષકમિત્રોએ વાતને વધાવી લીધી. આમ અનેક નવતર વિચાર અમલી બનાવનાર શ્રી નૈનેશભાઈ દવેને શુભકામના.





"જાહેર પરીક્ષામાં સરળ રહે,
સૌ આ વિચારને યોગ્ય કહે."
- હાર્દિક ઝાલા

## નવતર વિચાર અમલી બને તો સરળતાથી ગુણ વધી જાય.



હાર્દિક પ્રવીણસિંહ ઝાલા, કલેસર પ્રાથમિક શાળા ધોરણ - ૬ માં અભ્યાસ કરે છે. પ્રાથમિક શાળામાં દર વર્ષે ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં ધોરણ ૬ થી ૮ માં ૧૦૦ ગુણની પરીક્ષાની પરિક્ષામાં બાળકોએ OMR SHEET માં જવાબો આપવાના હોય છે. બાળકોએ ટપકામાં કાળી અથવા ભૂરી પેનથી જવાબ દર્શાવના હોય છે. આ ટપકાં કરવામાં મોટા ભાગનો સમય વહી જાય છે. કેટલાક બાળકો આ કામ વ્યવસ્થિત કરી શકતા નથી બાળકોને મુશ્કેલી પડે છે.

તેને વિચાર આવ્યો કે આવું ટપકું થઇ જાય તેવી બોલપેન ની શોધ કરવી જોઈએ સાચો જવાબ હોય તે ટપકા ઉપર બોલપેન રાખી દબાવવા થી ટપકું થઇ જાય. આવી બોલ પેન બનાવવાથી બાળકોને ખૂબજ સરળતા થઇ જાય. બાળકો ઝડપથી આવી પરીક્ષાઓમાં બધાજ પ્રશ્નોના ઉત્તરો દર્શાવી શકે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ આ પ્રક્રિયાઓથી પરિક્ષા લેવાય છે. યુવાનો ને પણ ટપકાં કરવામાં તકલીફ પડે છે અને સમય ની મર્યાદામાં આવા ટપકાં કરી શકતાં નથી. જો આવી બોલપેન બને તો ઘણાં બધાંને ફાયદો થશે.



આ નવતર વિચાર IIM માં રજૂ કર્યો હતો. તેનો આ વિચાર પસંદ થયો હતો. તારીખ ૧૫/૧૦/૨૦૧૬ ડૉ. અબ્દુલકલામ સાહેબના જન્મ દિવસે IIM અમદાવાદ ખાતે ‘‘સૃષ્ટી’’ સંસ્થા ધ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. નવતર વિચાર માટે તેને પ્રમાણ પત્ર અને પ્રોત્સાહક ઈનામ પણ મળેલ.

હાર્દિકને ચિત્ર દોરવાનો પણ શોખ છે તેને ગણાં બધા ચિત્રો દોરીને રંગપૂરણી કરેલ છે. આ ઉપરાંત જૂનાં રમકડાંમાંથી લાઈટ તેમજ મોટર નો ઉપયોગ કરીને નવું-નવું બનાવે છે. આવા વિચાર માટે તે સતત વિચાર અને અમલ કરનાર હાર્દિકને અભિનંદન.





"શિક્ષણ સમાજની સેવા છે,
આપણાં માટે એ મેવા છે"
- કુમારપાળ પટેલ

# વિજ્ઞાન વિષયને સરળતાથી શીખવી શકાય.



તેમની શૈક્ષણિક લાયકાત બી.એ.સી., એમ. એસ. સી., બી.એડ્ છે. તેઓ શૈક્ષણિક કામગીરી કરી રહ્યાં છે. પરંતુ તેમની કાર્યપ્રણાલી અને કામ કરવાની ધગશના કારણે તેઓ ક્લસ્ટરના તમામ શિક્ષકો અને શાળાના તમામ બાળકો માં સૌથી પ્રિય છે. વિજ્ઞાન અને ગણિતના પ્રશ્નોના નિકાલ માટે તેઓ હંમેશા તત્પર હોય છે.

શાળામાં તેઓ દર ગુરુવારે બાળકો પાસે વિજ્ઞાન ના કોઈ ને કોઈ સાધનનું નિર્માણ કરાવે છે. અત્યાર સુધી તેમણે બાળકો પાસે ઘરે બનાવી શકાય તેવા ઘણાં મોડલ બનાવ્યાં છે. એન. એમ. એમ. એસ. કે શિષ્યવૃતિની પરીક્ષા હોય, જૂથના પ્રત્યેક બાળકને પોતાના માની દર રવિવારે તેમને માર્ગદર્શન આપવા પોતાનો સમય તેમની પાછળ કાઢે છે. તેઓ છેલ્લા ૩ વર્ષથી પેપર પૃફીંગમાં પોતાનું યોગદાન આપેલ છે. રમત હોય કે શાળાની કોઈ પણ પ્રવૃતિ હોય તેઓ પોતાનું મન રેડી તે કામ નિષ્ઠા પૂર્વક કરે છે. શાળાના આચાર્ય માટે કુમારાળ તેમની શાળાનું ગૌરવ છે.

શરૂઆતમાં જ્યારે તેઓ શાળામાં આવ્યા ત્યારે શાળાના બાળકો ગણિત અને વિજ્ઞાન ના વિષય પ્રત્યે નીરસ જાણતા હતા.તેમણે એક અલગ જ વિચાર આવ્યો તેઓ કોઈ પણ પાઠની શરૂઆત થાય તે પહેલા તે વિષયને અંતર્ગત કાર્ટૂન ચિત્ર બનાવી બુલેટિન બોર્ડ પર મૂકી દેતા. આમ કરવાથી વિદ્યાર્થીઓ તેને જોતાં અને તેના વિષે જાણવાની એમાંનામાં જિજ્ઞાસા થતી. તેઓ આ ચિત્રો વિષે

એમના સરને પૂછતા એમ કરતાં કરતાં એમને વિજ્ઞાન જેવો અગરો લાગતો વિષય સરળ બનાવી દીધો.તેમણે આના માટે મોબાઈલ ની વિવિધ એપ્લીકેશન નો ઉપયોગ કરી નીચે મુજબ ના કાર્ટૂન ચિત્રો બનાવ્યા છે.



૧.૧ થી ૨૦ સુધી ના વર્ગ
૨.૧ થી ૧૦ સુધીના ઘન
૩. શરીરના વિવિધ તંત્રો
૪. જલચક્ર
૫. કાર્બન ચક્ર
૬. ઉચ્ચાલન ના સાધનો
૭. ૧ થી ૧૦૦ સુધીના અંકો
૮. વિજ્ઞાનની લેબ ના સાધનો
૯. અણુસૂત્રો
૧૦. સંજ્ઞાઓ
૧૧. ચૂંબક ના પ્રકાર

વિગેરેના ચિત્રો અને તેના દ્વારા સંપૂર્ણ શિક્ષણ કાર્ય કરેલ છે. માત્ર પાંચ વર્ષના સમયગાળા દરમિયાન કાર્ટૂન ઉપરાત બાળકોને દર ગુરુવારે એક નવું વિજ્ઞાનનું મોડલ બનાવવા પ્રોત્સાહિત કરેલ છે. તેમના આ ચિત્રોને જોઈ તેમણે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બી.આર.સી.કો.ઓ.શ્રી, અને બીજા આચાર્યો સી.આર.સી. કો.ઓ.એ તેમના કાર્યની સરાહના કરેલ છે.આ સાથે તેઓ વિજ્ઞાનના રોજબરોજના ઉપયોગી સાધનો અને વિજ્ઞાન લેબ ના આજુબાજુ થી મળી રહેતા સાધનોનું નિર્માણ પણ શરૂ કરેલ છે.

તેમના આ કાર્ટૂન ઈનોવેશનનો સી.આર.સી., બી.આર.સી., તાલુકા અને જિલ્લા કક્ષાએ નંબર મેળવી રાજય કક્ષાનું ઈનોવેશન ૨૦૧૫ -૧૬ માં ભાગ લીધેલ જેમાં વિવિધ મહાનુભાવોએ તેમના આ ટૂંકા સમયગાળા દરમિયાન કરેલ કાર્ય ને બિરદાવેલ.આ નવતર પ્રયોગ થી તેમના બાળકોમાં ગણિત વિજ્ઞાનની રુચિમાં વધારો થયેલ છે. અને આથી પણ વિશેષ કાર્ટૂન બનાવવાના પ્રયત્નો વિદ્યાર્થીઓ માટે હમેશા ચાલુજ છે. એમની આટલા ટૂંકા સમયમાં મેળવેલ સિદ્ધિ આ મુજબ છે

**વિશેષ સિદ્ધિ :**

૧. ગુજરાતના પ્રથમ ઈનોવેશન ફેર ૨૦૧૫/૧૬ માં જિલ્લા કક્ષા એ પસંદગી પામી રાજ્ય કક્ષાના ઈનોવેશન ફેરમાં ભાગ લઈ શકવા સહભાગી બન્યા.



૨. વર્ષ – ૨૦૧૫/૧૬ માં એગ્રીકલ્ચર ક્ષેત્ર માં રોપા-વાવણી યંત્ર બનાવટ માટે આઈ.આઈ.એમ. દ્વારા સૃષ્ટિ સંસ્થા દ્વારા તેમના વિચારને પસંદ કરી સન્માનવામાં આવેલ છે.



"જો ઉપયોગ આ મોજાંનો થાય,
કામદારોને રાહત થાય."
- યુગ્વી સોની

# વેલ્ડીંગની પ્રોસેસમાં નવતર વિચાર



યુગ્વી નવતર વિચારમાં જોડાઈ એ પહેલાં તેના ચિત્ર દોરવાના શોખને ઉજાગર કરી ચૂકી છે. શાળા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષા સુધી તેના ચિત્રો પ્રશંસા મેળવી ચૂક્યા છે. શાળા દ્વારા યોજાતા ચિત્ર પ્રદર્શનમાં તે રવિશંકર કલા ભવન ખાતે ચિત્ર પ્રદર્શન કરી ચૂકી છે.

અભ્યાસની સાથે રમત ગમત તથા નૃત્ય વિષયમાં રસ ધરાવે છે. અભ્યાસના તમામ વિષયમાં તે રૂચી ધરાવે છે. યુગ્વીનો શાળા પરિવાર તેને નવતર વિચારને પ્રદર્શિત કરવામાં પણ યુગ્વીને પ્રોત્સાહિત કરે છે.

**વેલ્ડીંગ ગ્લોઝ :**

વેલ્ડીંગ કરનાર વ્યક્તિની આંખોની સુરક્ષા માટે ચશ્માં પહેરવાની સુવિધા છે. પરંતુ હાથને દાઝવાના નિશાન થી બચાવા માટે યુગ્વીનો વિચાર એવું કહે છે "એસ્બેસ્ટોસ" એક અવી ધાતુ છે કે સુરક્ષા પ્રદાન કરે છે. વેલ્ડીંગ કરનાર વ્યક્તિ જયારે વેલ્ડીંગ કામ કરે ત્યારે એસ્બેસ્ટોસથી બનેલા આ ફલેક્શીબલ ગ્લોઝ પહેરી લેશે. આ ગ્લોઝમાં આંગળીઓની વચ્ચેની જગ્યા પર સ્પ્રિંગ મુકવામાં આવે જે તેમને મુવમેન્ટમાં મદદ કરશે. આ ગ્લોઝથી હાથ સુરક્ષિત રહેશે અને તકલીફ પણ નથી.

**કપાસના ફૂલનું કટર :**

ગુજરાતમાં કપાસનું ઉત્પાદન સારા પ્રમાણમાં જોવા મળે છે. તેણે પણ ઘણી વાર કપાસના ખેતરમાં કામ કરતા જોયાં છે. કપાસના સૂકા છોડ પરથી જયારે રૂ વીણવાનું થાય ત્યારે એક એક વીણવા પડે છે અને સમય વધુ લાગે છે. ઉપરાંત સૂકા છોડથી ખેડૂત કે મજૂરનું શરીર છોલાઈ જાય છે.

**નવતર વિચાર-** એક એવું કટર બનાવવામાં આવે જેના વડે ખેડૂત ખેતરમાં કપાસના ચાસ વચ્ચે જઈને એક સાથે ચારથી પાંચ છોડ પરથી રૂ ઉતારી શકે. બે ચાસ વચ્ચે પ્લાસ્ટીક કે કપડું પાથરી દે જેથી કાપેલું રૂ જે નીચે પડે તે ગંદુ ના થાય અને એક કે બે ચાસ પુરા થતા એકઠું કરેલું રૂ એક સાથે બહાર લઇ શકાય. આ કટરથી સુવિધા પણ મળશે અને કામ ગરમીમાં ઝડપથી, સુરક્ષિત રીતે પતશે.

**પાણીપુરીની પૂરી બનાવવાનું મશીનઃ**

આજકાલ પાણીપુરી બધાના મનને ખૂબજ લલચાવતી હોય છે. પરંતુ જયારે પાણીપુરી બનાવનાર સાથે સાથે મુલાકાત થઇ ત્યારે તેમણે જણાવ્યું કે એ લોકો હાથેથી વણીને પૂરીઓ બનાવે છે. જેમાં ખૂબજ સમય જાય છે.

યુગ્વી આ માટે એવો વિચાર આપે છે કે એક એવું મશીન બનાવવું જેમાં ચાર પ્લેટ હોય . પહેલી પ્લેટમાં લોટ બાંધેલો પથરાઈ જાય. બીજી પ્લેટમાં પૂરીની સાઈઝનું મોલ્ડિંગ હોય જેમાં પૂરી દબાઈ જાય અને તેની નીચેની બ્લેડ પૂરીઓ ઉઠાઈને આગળની ફ્રાંઈંગ પેન પ્લેટ માં મોકલી દે. ચોથા સ્ટેપમાં પૂરીઓ તળાઈને બહાર પડશે જયારે એજ સમયે સમાંતરે મોલ્ડિંગમાં પૂરીના મોલ્ડ માં વધેલો આટો ફરી બાંધેલા આટા ભેગો જતો રહેશે.

**ફીંડલા પ્લકરઃ**

ફીંડલાના ફળ કાંટા વચ્ચે હોય છે જેને તોડતી વખતે કાંટા વાગે છે. ઉપરાંત આ છોડની ઊંચાઈ પણ એક સમાન નથી હોતી. તેથી તેને તોડવામાં તકલીફ પડે છે.

યુગ્વી એવું કહે છે કે એક એવું પક્કડ જેવું પ્લકર કે જેની અંદરની બાજું કટર હોય. જે બે રીતે ઓપરેટ થઇ શકે બેટરીથી અને મેન્યુઅલી . આ કટરની ઊંડાઈ બાસ્કેટ જેવી હોય જેથી ફળ કપાઈને એમાં ભેગા થાય. તેનું હેન્ડલ સેલ્ફી સ્ટીકની જેમ એડજેસ્ટ થઇ શકે એવું હોય. કટરની સ્વિચ નીચે હેન્ડલ પાસે હોય જેથી ફળ કાપનાર એને સહેલાઈથી ઓપરેટ કરી શકે. આમ યુગ્વી સતત નવતર વિચારો અમલી બનાવવા પ્રયત્ન કરે છે.





**"સર્જન બાળકનો અધિકાર,**
**બાળકમાં શક્તિ હોય અપાર."**
**- કે.વી.પટેલ**

# શિક્ષણ એ બાળકોની જીવન રેખા સમાન છે



કે.વી.પટેલના નામે ઓળખાતા કનૈયાલાલ વિરમદાસ પટેલ. શિક્ષણ સાથે જોડાયેલા સૌ કે.વી.ના નામથી ઓળખે છે. શિક્ષણ જગતમાં ખૂબ પ્રેમ મેળવી ચૂકેલા આ વ્યક્તિએ ૨૦૦૨ની સાલમાં શિક્ષક તરીકે ભરાડા પે. સેન્ટર શાળામાં સરકારી નોકરી સ્વીકારી ૮ માસ શિક્ષક તરીકે કામ કર્યા પછી તરત જ ડીસ્ટ્રીક્ટ પ્રાયમરી એજ્યુકેશન પ્રોગ્રામમાં ક્લસ્ટર રિસોર્સ સેન્ટર દુદાપૂર (સુરેન્દ્રનગર) માં કો-ઓર્ડીનેટર તરીકે જોડાયા. ખૂબ વિચારશીલ કે.વી.પટેલે સરકારશ્રીના આ પ્રોજેક્ટમાં ખૂબ મહેનતથી પૂરી નિષ્ઠાથી કામ કર્યુ. અનેક મોડયુલ લેખનમાં કામગીરી કરી ગ્રામ શિક્ષણ સમિતિઓમાં પણ લોકજાગૃતિ માટે અનેક પ્રયત્નો કર્યા. ૨૦૦૧ના ભૂકંપ પછી નવી શાળાઓ અને નવા વર્ગોના બાંધકામ માટે વિવિધ NGO અને પ્રોજેક્ટ માં સક્રિય પ્રયત્નો કરી અનેક નવી શાળાઓ, શાળાઓના નવિન રૂમો અને શાળાઓમાં ભૌતિક સગવડો પૂરી પાડવામાં સફળ થયા. એડવાન્સમેન્ટ ઓફ એજ્યૂકેશન પરફોર્મન્સ ટૂ ટીચર્સ સપોર્ટ



ADEPTS માં UNICEF ના વર્ગમાં પ્રવૃતિ મોડ્યુલ લેખનમાં સક્રિય કામગીરી કરેલ SSA પ્રોજેક્ટમાં સુરેન્દ્રનગર પણ કામગીરી કરેલ છે. મહેસાણા જિલ્લામાં ક્લસ્ટર રિસોર્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર તરીકે કામ કરે છે. તેમણે આચાર્ય નવસંસ્કાર તાલીમ મોડ્યૂલ લેખન , GCRI ના તાલીમ મોડ્યૂલ લેખન વર્ગોમાં સક્રિય રહી લેખન કાર્ય કરેલ છે. શિક્ષકોને તાલીમ આપવાના મોડ્યૂલો લખેલા છે. અનેક માસ્ટર ટ્રેનર્સને તાલીમ આપી ચૂક્યા છે. “ આપણો જીલ્લો મહેસાણા ” પુસ્તક અને “ મહેસાણા જિલ્લો ” સંદર્ભ સાહિત્યના પુસ્તક લેખન માં પણ કામગીરી કરેલ છે. બાળકોને ECO-CLUB ની અનેક પ્રવૃત્તિઓ “યુવાગ્રીન” (બાળકોનો સમૂહ) દ્વારા કરી છે. પર્યાવરણને બચાવવા, બાળકોમાં પ્રકૃતિ પ્રેમ કેળવવા અનેક પ્રોગ્રામ “યુવાગ્રીન” મારફત કરી રહ્યા છે. “કંઇક અલગ જ કરીએ” અને “YES WE CAN” આ સૂત્રો એમના જીવનના મંત્રો છે. IGNIT એવોર્ડ માટે અનેક બાળકોને પ્રોત્સહિત કર્યા છે અને કરે છે. ODF (જાહેર શૌચ ક્રીયા બંધ)માં પણ મહેસાણા જિલ્લામાં સક્રિય રીતે ટીમવર્ક કરી સફળતા મેળવી છે અને તે બાબતે તેઓ સન્માનિત થયા છે. ઇનોવેટીવ ટિચર તરીકે પણ અનેક વખત સન્માનિત થયા છે.





**"વાર્તા લખવી મને ગમે,**
**વાર્તા મારા મનમાં ભમે."**

**- મહેન્દ્ર પરમાર**

## ૧૦૦ કરતાં વધુ વાર્તા લખનાર બાળ લેખક



મહેન્દ્ર પરમાર અત્યારે સરવાવિભાગ પ્રાથમિક શાળામાં ધોરણ આઠમાં અભ્યાસ કરે છે. તેના પિતા ઊંટગાડી ચલાવે છે. જ્યારે માતા ઘરકામ અને મજૂરી કરે છે અને તેઓ એક મજૂર તરીકે ખેતરમાં રહી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.મહેન્દ્રએ સો જેટલી વાર્તાઓની રચના કરી છે. તે એક નાનકડો વાર્તાકાર છે.તેની આવી વાર્તા વિવિધ દૈનિકમાં દર શનિવારે છપાય છે. સોળ જેટલી વાર્તાઓ દર શનિવારે છપાઇ ગઇ છે.એટલું જ નહિ આ વિદ્યાર્થીનું "મોરલાનો ટહુકો "નામે બાળવાર્તાઓને લગતું પુસ્તક પ્રકાશિત થયું છે. જેનું વિમોચન માનનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિહ ચૂડાસમાના હસ્તે થયું છે. મહેન્દ્રએ વાર્તા ઉપરાંત બસો હાઇકુ અને પંદર કાવ્યો પણ રચ્યાં છે. તે ભણવામાં ખૂબ જ હોશિયાર છે. તેને કમ્પ્યુટર પણ આવડે છે અને પોતાની બધી જ વાર્તાઓ કમ્પ્યુટરમાં ટાઇપ કરે છે. અને તે કહે કહે છે કે ’’હું

રોજ સવારે વહેલો ઉઠી લેખન અને સ્વરચના કરું છું. તેને લખવું ખૂબ ગમે છે. બાળવાર્તાઓ વાંચવી, કહેવી, સાંભળવી મને ખૂબ ગમે છે. તેના જણાવ્યા મુજબ તેના શિક્ષક શ્રી પંકજ કુમાર પ્રજાપતિનું સતત માર્ગદર્શન અને પ્રેરણા આપી રહ્યા છે.તેઓ અમને વિવિધ સામાયિક અને દૈનિક પૂરા પાડે છે. તે મોટો થઇ ને સારો લેખક થવા માંગે છે."

આ વિદ્યાર્થી સ્વચ્છતા વિશે અદભૂત સ્પીચ આપે છે.તેની બોલવાની છટા અદ્વિતિય છે. તાલુકામાં અને જિલ્લાકક્ષાએ તેની સરાહના થઈ છે.બનાસકાંઠાના આદરણીય કલેક્ટરશ્રીએ આ વિદ્યાર્થીનું સન્માન પણ કર્યુ છે. જિલ્લાની અનેક સંસ્થાઓએ તેને મોમેન્ટો અને રોકડ પુરસ્કાર આપ્યા છે. વળી એલ.આઈ.સીએ પણ આ વિદ્યાર્થીને સ્ટુડંટ ઓફ ધ યરનું સન્માન આપ્યું છે. તે રમતગમતમાં ખો-ખો... નો સારો ખેલાડી છે. અને જિલ્લા સુધી સારું પ્રદર્શન કરેલ છે.રેડક્રોસ શાખા પાલનપુરે આ બાળકને સન્માનિત ક્ર્યો છે. મહેન્દ્રએ એંશીથી પણ વધારે પુસ્તકો વાંચ્યા છે.મહેન્દ્રની વાર્તાઓ આઇ .આઇ .એમ અમદાવાદની ‘‘ઇનશોધ’’ વેબસાઇટ પર પણ સ્થાન પામી છે. તેણે સાયન્સ ફેરમાં પણ ભાગ લીધો છે.મહેંદ્ર એ સ્વચ્છતા અંતર્ગત પણ વાર્તાઓની રચના કરી છે.તે ખેતીના કામમાં પણ પોતાના માતા પિતાને મદદ કરે છે.તે પોતાના કામમાં હમેશાં પર્ફેકટ હોય છે.મહેન્દ્રની જોક્સ રજૂ કરવાની છટા જોરદાર છે. તેને સો જેટલા જોક્સ મોઢે છે. આવા વિવિધ કૌશલ્યો બદલ મહેન્દ્રને અભિનંદન.





**"મારું પુસ્તક... મારી આ પેટી,**
**જાણકારીની આ દુનિયા મોટી."**
**- પ્રીતિ ગાંધી**

# હજારો પુસ્તક વંચાયાની ગેરંટી વાળો પ્રોજેક્ટ



પ્રીતિ ગાંધી છેલ્લા ૧૬ વર્ષથી શિક્ષણક્ષેત્રે સંકળાયેલા છે. તે દરમ્યાન તેમણે શિક્ષક, સી.આર.સી.કૉ.ઓર્ડીનેટર અને મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવી છે. તેઓ હાલે કલોલ પ્રાથમિક શાળા નં.૯ માં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમણે શિક્ષણને માત્ર શિક્ષણ તરીકે નહીં, પરંતુ સાચા નાગરિકત્વનું ઘડતર, સંસ્કાર, કલા, સ્વાસ્થ્ય, યોગા, કૌટુંબિક ભાવના, સામાજિક જવાબદારીને રૂપે આપવાનો પ્રયત્ન કરેલ છે. દરમ્યાન ખાસ કરીને કન્યા કેળવણી અને વંચિત જૂથના બાળકોને શિક્ષણ અને સંસ્કાર આપવાનો પૂરો પ્રયત્ન કરેલો છે. શાળાને સમાજ સાથેનું જોડાણ તેમના કાર્યની વિશેષતા રહી છે. શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો અને જુદી જુદી સંસ્થાઓ પાસે જઈ ત્રણેક વર્ષમાં રૂપિયા વીસ લાખ જેટલો લોક સહયોગ મેળવ્યો છે. પોતાની સંસ્થાને ભૌતિક અને શૈક્ષણિક રીતે સમૃદ્ધ કરી છે. ડી. ગ્રેડની શાળાને આજે ઉત્તમ ગ્રેડની શાળા બનાવી છે. તેમનું કાર્ય, પ્રદાન અને સિદ્ધિઓ નીચે પ્રમાણે છે.

તેમની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જ્વળ રહી છે. પોતે એમ.કોમ., એમ.એડ. તથા એમ.ફીલની ડિગ્રી ધરાવે છે. એમ.એડ.માં ગુજરાત યુનિવર્સિટી ફર્સ્ટ આવી, ગોલ્ડ મેડલ મેળવ્યો છે. વિદ્યાર્થી કાળમાં રાજયના શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે શિલ્ડ, ટ્રોફી અને પ્રમાણપત્ર દ્વારા સન્માન કરેલ છે.

ધોરણ ૧ થી ૫ માં ( જીસીઈઆરટી, એસ.એસ.એ.ના સહયોગથી બનેલ) હાલ ચાલતા નવીન “ પ્રજ્ઞા અભિગમ “ (Activity Based Learning ) માં અભ્યાસક્રમ બનાવવામાં તેમનું પ્રદાન રહયું છે, જેમાં કોર ટીમ મેમ્બર તરીકેની કામગીરી કરેલ છે. ગુજરાતના શિક્ષકોને અપાતી તાલીમમાં તજજ્ઞ તરીકે તેમનું સક્રિય યોગદાન રહયું છે. શિક્ષકોને તાલીમબદ્ધ કર્યા છે.



તેમણે બાયસેગ દ્વારા અંગ્રેજી તથા વાંચન – ગણન - લેખન સંદર્ભે લેશન આપેલા છે.

રોટરી કલબ, કલોલ, જાયન્ટસ ગ્રુપ, કલોલ, સુકૃત પરિવાર જેવી સંસ્થાઓ સાથે જોડાઈને શિક્ષણ, કુપોષણ, સ્વાસ્થ્ય, સફાઈ અને કુરિવાજો સામે કામ કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે ૨૦૧૬ નો 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર' તેમની શાળાને પ્રાપ્ત થયો છે.

શાળામાં કરેલ નવીન કાર્યો, નવીન પ્રયોગોને લઈને ડીસ્ટ્રીકટ, સ્ટેટ અને નેશનલ લેવલે તેમને સન્માન પ્રાપ્ત થયું છે.

થર્ડ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં સહભાગિતા કોન્ફરન્સમાં તેમની 'ગ્રંથ મંદિર' કૃતિ રજૂ થઈ છે. અમદાવાદે શિક્ષણમાં નવિનીકરણ સંદર્ભે બનાવેલ કોર ટીમના હાલ તેઓ સદસ્ય છે. વળી. ઇનોવેશન સંદર્ભે બનાવેલી રાજયકક્ષાની ટીમના પણ તેઓ સદસ્ય છે.

શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ-તાલુકાના ૨૦૧૫, લીમ્કા બુક ઓફ રેકોર્ડ હોલ્ડર, ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ હોલ્ડર, એશિયા બુક ઓફ રેકોર્ડ હોલ્ડર, કલોલમાં શિક્ષણ, કલા અને સામાજિક ક્ષેત્રે કરેલી કામગીરી સંદર્ભે રોટરી કલબ, કલોલ કરેલ સન્માન ઉપરાંત સરદાર પટેલ મેમોરીયલ ટ્રસ્ટે શ્રેષ્ઠ શિક્ષક તરીકે કરેલું સન્માન તેમને મળ્યું છે. તેઓ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ- જિલ્લાના ૨૦૧૬ માં પ્રાપ્ત કરેલ છે. તેઓએ સંશોધન ક્ષેત્રે, વર્ગખંડમાં, શાળાના શિક્ષણમાં પડતી મુશ્કેલીના નિવારણ સંદર્ભે કરેલા સંશોધન તથા પધ્ધતિ અને શિક્ષણક્ષેત્રે પ્રચલિત અભિગમની યથાર્થતા ચકાસવા માટે તેમણે સંશોધનો કરેલ છે. અંગ્રેજી સંશોધનોનો ગુજરાતીમાં અનુવાદ, નૃત્ય, અભિનય, ચિત્ર, યોગા, કરાટે, વક્તૃત્વ, નિબંધ સ્પર્ધામાં વિદ્યાર્થીઓનું કૌશલ્ય વિકસે તે માટે માર્ગદર્શન તથા પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. શિક્ષણમાં ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ શરૂ કરાવ્યો. વિદ્યાર્થીઓને ડિઝિટલ સાક્ષરતા અભિયાનની જાહેર પરીક્ષાઓ અપાવી.

મિડીયાએ લીધેલ નોંધ અને ઈન્ટરવ્યું : શિક્ષણમાં કરેલ પ્રોજેકટ અને નવિનીકરણ સંદર્ભે જી.ટી.પી.એલ., જી.આઈ.ઈ.ટી. અને દૂરદર્શન પર જુદાં જુદાં કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવ્યા અને ઈન્ટરવ્યું રજૂ થયાં છે.



જુદાં જુદાં સામયિકોમાં સ્ત્રીસશક્તિકરણ, કન્યા-કેળવણી, ભ્રૂણ હત્યા, શિક્ષણ અંતર્ગત લખેલાં છે. સ્ક્રીપ્ટ રાઈટીંગ પણ કર્યું છે. જુદાં જુદાં મોડ્યુલમાં લેખન કર્યું છે. પ્રાર્થના સંકલન પણ બહાર પાડ્યું છે. અખબાર જગતે, જુદાં જુદાં સામયિકો-વેબસાઈટે તથા દૂરદર્શને તેમના કાર્યની નોંધ લીધી છે.



**"પાણી બચે... વીજળી બચે...**
**નાનો વિચાર ક્રાંતિ સરજે"**

**- નિષ્ક ભટ્ટ**

## વર્ષે ૪૦૦૦ કરોડ રૂપિયા મરામત માટે ખર્ચાય છે



મહેસાણા ખાતે નિષ્ક સીનીયર કેજીમાં અભ્યાસ કરે.આ પરિવારએ શિક્ષિત પરિવાર.પરિવારમાં એક જ સંતાન.પરિવાર સાથે નિષ્કને બહાર જવાનું થાય.તેઓ ફિલ્મ જોવા ગયા હતા.અહી કેટલાક પરિવાર અને બાળકો હતાં.થોડો સમય પછી નિષ્ક ને પેશાબ કરવા જવાનું થયું.તેની સાથે તેના પપ્પા સાથે સ્વચ્છતા સંકુલમાં ગયા.

અહીં ખાસ વ્યવસ્થા હતી.નિષ્ક પેશાબ કરી બહાર આવતો હતો.તે જેવો યુરીનલ એરિયા ઉપરથી ઉતાર્યો કે અહીં પાણીનો ફોર્સ શરુ.મારી સાથેની વાતચીતમાં નિષ્ક જણાવે છે કે આ પ્રકારની વ્યવસ્થા પહેલી વખત જોઈ હતી. નીષ્કે કહ્યું: ‘જાતે પાણી આવે તે જોવાની મજા આવી. પાણી જાતે પડતું જોયું.હવે તેણે બે ચાર વખત આ મુજબ કરી જોયું.તેને અહીં મજા આવતી હતી.

નિષ્કના મનમાંથી આ વાત દૂર થતી ન હતી. તેણે તેના પપ્પાને વાત કરી.‘પપ્પા,ઘરમાં પણ પેશાબ કર્યા પછી જાતે પાણી પડે તેવું કરવાનું કહેવા લાગ્યો.’ નિષ્ક સેન્સર અને તેના કાર્યો અંગે તે અજાણ હતો.તેને એમ હતું કે તેના ઉપર ઊભા રહેવાથી પાણી પડે છે.પરિવારના સભ્યો ધ્વારા તેને આ અંગે સમજ આપી. પરિવારે તેની સાથે સતત ચર્ચા કરવાનું વિચાર્યું. સમય પસાર



થતો ગયો. નિષ્ક સતત એક જ વાત વિચારતો હતો. પરિવારે પણ તેના એક વિચારને મહત્વ આપી તેની કેટલીક જાણકારી એકઠી કરી.

નિષ્કના વિચાર મુજબ પ્લમ્બિંગ માટે વાપરતા સાદા ઓન ઓફ કોક વડે સાધન બનાવવામાં આવ્યું.સાધનમાં એવી વ્યવસ્થા હતી કે કોઈ વ્યક્તિ અહીં પેશાબ કરીને ઉતરે તે પછી જાતે પાણી વડે સાફ થઇ જાય.આ કામ માટે ખાસ વ્યક્તિની જરૂર રહેતી નથી.આ માટે મરામતની પણ જરૂર ઓછી રહે છે.આ મુજબ જાતે સફાઈ થાય તે માટે વીજળીની જરૂર નથી.

આ વિચાર આઈ.આઈ.એમ. ખાતે “સૃષ્ટિ” ધ્વારા આયોજિત આઈડીયા કોમ્પીટીશનમાં રજૂ થયો. ૩૪૦ વિચાર પૈકી અંતિમ સોળ વિચારમાં આ વિચાર પસંદ થયો.આ કારણે ભારતમાંથી રાષ્ટ્રપતિ ભવનમાં ઇગ્નાઈટ એવોર્ડ સમારોહમાં નિષ્કને વર્ષ ૨૦૧૬માં ક્રિએટીવ વર્કશોપ માટે નિમંત્રણ પ્રાપ્ત થયું હતું. ભારતમાંથી સન્માન મેળવનાર અન્ય બાળકોમાં દિલ્હી ખાતે સૌથી નાની ઉંમરનો નિષ્ક સૌને પ્રિય થઇ પડ્યો. તે આ વિચારને દિવ્યાંગ વ્યક્તિઓ માટે ખાસ રીતે તૈયાર કરવા માંગે છે. નાની ઉંમરના આ વિચારકને શુભકામના.





**"ગણિતનું બોક્ષ સૌને ગમે,**
**છોકરાં એની સાથે રમે."**
**- શરદ પાટીલ**

# એકજ સાધનથી ગણિત શીખવાની પ્રક્રિયા



તારીખ ૧૫/૧૦/૧૯૯૩ થી નગર પ્રાથમિક મરાઠી શાળા નં-૨ નવસારી ખાતે મરાઠી માધ્યમની પ્રાથમિક શાળામાં ૨૩ વર્ષથી ફરજ બજાવે છે. તેમને નાના-નાના બાલદેવો સાથે કામ કરવાનુ ગમે છે. તે શાળા અને બાળકોના વિકાસ માટે હમેશા કાર્યરત રહે છે. મારા શિક્ષણ કાર્ય દરમિયાન મને અને બાળકોને પડતી સમસ્યા હમેશા નવતર રીતે ઉકેલે છે. નાના બાળકોને ગણિત વિષયમાં આવતી મુશ્કેલી નિવારવા અને રમતા-રમતા ગણિત શિક્ષણ મેળવવાં બાળકોના મદદથી શાળા કક્ષાએ વર્ષ;-૨૦૦૯ માં "ગણિત મેઝીક બોક્સ" બનાવ્યું છે, જે રાજ્યકક્ષા- રાષ્ટ્રીય કક્ષા (જયપુર-રાજસ્થાન) અને ઈંડીયન સાયન્સ કોંગ્રેસ (ચેન્નઈ-તામિલનાડુ) તેમજ ઈન્ટરનેશનલ કક્ષા (અમદાવાદ) સુધી જઈ શક્યું છે. બાયસેગ પ્રોગ્રામ તેમજ દૂરદર્શન ગિરનાર પર ૮-૧૦ વખત આ "ગણિત મેઝીક બોક્સ" નો પ્રોગ્રામ પ્રસારીત થયો છે. અત્યાર સુધી એકલાખ થી વધુ બાળકો અને વીસહજારથી વધુ શિક્ષકો અને શિક્ષણશાસ્ત્રીએ આ મેઝીક બોક્સને જોઈ તેનો લાભ લિધો છે. હાલમાં ઘણી શાળાઓમા આ "ગણિત મેઝીક બોક્સ" નો ઉપયોગ થઈ રહ્યો છે. મને ૨૦૧૧ માં પુજ્ય મોરારીબાપુ દ્વારા અપાતો ચિત્રકુટ એવોર્ડ ૨૦૧૪ માં આઈ.આઈ.એમ. દ્વારા શ્રેષ્ઠ ઈનાવેટિવ શિક્ષક એવોર્ડ તેમજ ગુજરાત સરકાર દ્વારા વર્ષ;-૨૦૧૫ માં મહામહિમ રાજ્યપાલ હસ્તે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મળ્યો છે.

"એક જ પેન કાયમ વપરાય,
પેનમાં પાછી શાહી ભરાય."
- જય કૃષ્ણ



## ગરીબ બાળકોને સરળતાથી પેન મળે.

તેને બાળપણથી નવું નવું વિચારવાનું અને અમલી કરવાનું થાય છે. તે માટે નવું-નવું ખુબ વાચવાનો શોખ છે. તેને સમાજશાસ્ત્ર વિષય ખૂબજ ગમે છે. તેમાં ઈતિહાસ જાણવા મળે જે તેને ખૂબ જ ગમે છે. સાથે-સાથે પ્રયોગ કરવા બહાર અવલોકન કરવું લોકોની મુશ્કેલી જાણવી અને તેમાથી ઉકેલ મેળવવો તેને ગમે છે. તેને ડો. અબ્દુલ કલામ સાહેબ ખૂબ ગમે છે. તેમના જીવનમાંથી પ્રેરણા સાથે તે સતત કાર્ય કરે છે.

શાળામાં ખૂબજ ગરીબ બાળકો આવે છે. તેમની પાસે પેન ખરીદવા પણ રુપિયા હોતા નથી તેમની સમસ્યા દૂર કરવા પહેલાંની જમાનામા જેમ બોલપેનમાં શાહિ ભરતા તેમજ આપણે હાલમા વપરાતી પેનમા શાહિ ભરીને કેમ ન વાપરી શકીએ ? આ વિચાર થકી તેને આઇ.આઇ.એમ. અમદાવાદમાં ક્રીએટિવ શિબીરમાં ભાગ લેવા મળ્યો. શિક્ષક શ્રી શરદભાઇ તરફથી સતત મળેલા માર્ગદર્શન મળે છે, જેથી નવુ વિચારવાનુ પ્રેરણા મળી. આવા નમ્ર અને વિચારક એવા જયકૃષ્ણને શુભકામના.





**"અનોખો - વિચાર, અનોખી વાત,**
**વિચાર સર્જે અવનવી ભાત."**
**- ગીતાંશ પટેલ**

# વીજળીની બચત માટેનો નવો વિચાર જરૂરી છે.



વિજયાદશમીની તિથી અને ૨૬ મી ઓકટોબરે જન્મેલ ગીતાંશ હાલમાં ધોરણ દશમાં અભ્યાસ કરે છે. અભ્યાસ માટેનું વાતાવરણ ઘરમાં પ્રાપ્ય – માતા પિતા બંને શિક્ષક અને દાદા દાદી તથા ફોઈ, કાકા અને કાકી બધાએ તેનાબૌધિક વિકાસ માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડ્યું.

બચપણમાં જ લખતા વાંચતા શીખતાં પહેલાં જ ફોઈના દીકરાની સંગતમાં રંગો સાથે રમવાનું એને ફાવી ગયું હતું. મૂળાક્ષરને ચોપડી પર ઉતરતા પહેલા જ પોતાની કલ્પનાઓની દુનિયા કાગળ પર ચીતરવા માંડી હતી. અને તે માટે સૌ કોઈની મદદ મળતી ગઈ. પિતાએ પહેલેથી જ ઠસાવી દીધું હતું કે ‘‘ગુણ = માર્ક્સ’’ નહિ જીવન માટે ‘‘ગુણ = જીવનના ગુણ’’ મહત્વના છે. પ્રાથમિક શાળામાં જ અવનવી પ્રવૃતિઓ –ગરબા,ડાન્સ,સુલેખન, દેડકા દોડ વિગેરે માં ભાગ લે જ.

અને કેટલીક પ્રવૃતિઓમાં તો એ ઈનામ પણ મેળવે. એને ઈનામ કરતાં વધું પ્રોત્સાહન જે તે સ્પર્ધામાં ભાગીદારી કરવા માટે મળે.

ગીતાંશના દાદી ચંચળબેન પણ શિક્ષિકા – એ વખતથી જ ઘરમાં જુદા જુદા પ્રકારના પુસ્તકો ખરીદાતા અને વંચાતા ! ઘરનું જુનું એક ટેબલ એક મીની પુસ્તકાલય જેટલી ચોપડીઓથી ભરેલું જ હોય. શારદાબા રામાયણ-મહાભારતની વાર્તાઓ વાંચી સંભળાવે એ સંભાળીને મોટા થયેલ ગીતાંશને તેવું વાંચતા આવડી ગયું. પછી એ પુસ્તકોનો ઈજારો પ્રાપ્ત થઇ ગયો. અને વાંચવાની ધૂન એવી કે પોતાના પાઠ્યપુસ્તક કાંતો પડ્યા રહે ને અન્ય પુસ્તકો વંચાતા જાય. તારક મહેતાના ઉલટા ચશ્માં જોવાનો અને વાંચવાનો બંને ચસકો – સાથે અબ્દુલ કલામની ‘‘અગન પંખ’’ પણ વાંચે ! હલકી ફૂલકી કોમેડી ફિલ્મો જોવા સાથે ઈંગ્લીશ મૂવીઝ પણ જોવાનું ગમે ! આમ, મુક્ત ઘડતરમાં એને બોલવાની અને રજૂ થવાની પૂરી આઝાદી !

૨૦૧૬ માં જ આઈ.આઈ.એમ.એ. અબ્દુલ કલામના જન્મ દિન નિમિત્તે બાળકોના ક્રિએટીવ આઈડિયા કે જેમનાથી સામાન્ય જનનું જીવન સુગમ બને તે મંગાવ્યા ! ગીતાંશે પિતા પાસેથી સાંભળ્યું હતું કે હોટેલમાં ચાવીને બદલે સ્માર્ટકાર્ડથી દરવાજા ખુલે અને તેના વડે જ વીજળી શરૂ થાય તેથી ત્યાં કોઈ ભૂલમાં ય વીજળી બંધ કરવાનું ભૂલી ના શકે એને વિચાર્યું કે આતો દરેક ઘરને પોષાય જ નહિ, અને ઘરમાંથી બહાર જતી વખત પંખા અથવા લાઈટ ચાલુ રહી જવું એ તો ઘણા બધા કિસ્સાઓમાં થાય છે. તેને લાઈટના સ્વીચ બોર્ડની ડીઝાઇનમાં લોહચુંબક ઉમેરી દીધું એટલે ત્યાંજ દરેક વાહનની ચાવી ચોટાડી દેવાય. એ રીતે ઘરમાંથી બહાર જતી વખત હાથ સ્વીચ બોર્ડ તરફ જાય જ અને ચાલુ રહી ગયેલી સ્વીચ બંધ કરવાનું યાદ આવી જ જાય !

આ આઈડિયા માટે ગીતાંશ પ્રથમ આઈ.આઈ.એમ.એ.માં અને ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવન, દિલ્હીમાં યોજાયેલ વર્કશોપમાં આમંત્રિત કરાયો ! જ્યાં તેને પોતાના જેવા અન્ય બાળકો સાથે વિચાર ગોષ્ઠી કરી.

‘‘શિક્ષણના બાહ્ય ભાર વગર જીવતા જીવન શિક્ષણને જીવવાની વાત આપણે ગીતાંશના શિક્ષણમાં ચરિતાર્થ થતી જોઈ શકીએ છીએ !’’





**"શિક્ષણ એ સમાજની સેવા,**
**આ સેવા આપે કાયમ મેવા."**
**- પ્રવિણસિંહ ઝાલા**

## શિક્ષણ માટે જ સમર્પણ સૌની સાચી સેવા છે



શ્રી પ્રવિણસિંહ જુવાનસિંહ ઝાલાની શાળામાં જીલ્લા ફેરબદલીથી નિમણૂંક ઓકટો.૨૦૧૩ માં થઇ. તે સમયે ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ૨૦૦ વિદ્યાર્થી અને છ વર્ગો વચ્ચે ગણિત-વિજ્ઞાનના એક શિક્ષક હતા. આ પરીસ્થિતિ જોતાં પોતે ભાષા શિક્ષક હોવા છતાં ગણિત-વિજ્ઞાન વિષયનુ શિક્ષણ કાર્ય સ્વેચ્છાએ સ્વીકાર્યું. માત્ર સ્વીકાર્યું નહીં પણ આ વિષયને તથા વિદ્યાર્થીઓને પૂરતો ન્યાય આપ્યો. હંમેશાં પોતાના શિક્ષણકાર્યમાં નવીન પ્રયોગ કરતાં તેમણે ગણિત-વિજ્ઞાનના વિષયમાં પણ નવતર પ્રયોગ કરતા રહ્યા.

સહ-અભ્યાસિક, પ્રવૃત્તિ, પ્રાર્થનાસભા,વિવિધ ઉત્સવો, પ્રવાસ , પર્યટન, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક કામ કરતા,અન્ય શિક્ષકમિત્રોને પણ પ્રેરણા પૂરી પાડતા.ઉપરાંત તેઓ ‘‘જીવન શિક્ષણ ‘‘, ‘‘બાલસૃષ્ટિ’’ વગેરેમાં વાર્તા,પ્રસંગ,કવિતા નુ લેખન કરતા અને આ



પ્રવૃતિ માટે ક્યારેય શાળા સમય નો ઉપયોગ કર્યો નથી તથા "જીવન શિક્ષણ " માં તેમણે પોતાના પ્રાથમિક શિક્ષણ દરમ્યાનના તેમના એક આદર્શ શિક્ષક વિશે લેખ લખ્યા છે. તેઓ માત્ર લખી ને અટક્યા નથી પણ પોતાના ગુરૂજીમાં રહેલ નિષ્ઠા, નિયમિતતા, જેવા ગુણો પોતાના જીવનમાં, ફરજમાં ઉતાર્યા છે.

તેમણે કરેલ"મોબાઇલ શાળા પુસ્તકાલય" ના પ્રયોગ આજે પણ શાળામાં ચાલુ છે. જાન્યુ.૧૬ માં શિક્ષક વધના કારણોસર તેમની બદલી થઇ. આ ટૂકા સમયગાળામાં તેમણે શાળામાં ઉત્તમ યોગદાન રહેલુ છે.

શિક્ષણ અને સમાજ સેવા એક રૂપ છે. આમાં પ્રત્યેકને યોગ્ય રીતે કામ કરવાની જરૂર છે. શિક્ષક, વાલી અને વિદ્યાર્થીના ત્રિકોણથીજ સમાજનું બંધારણ યોગ્ય થાય છે. આ માટે શિક્ષણ સાથે જોડાયેલ સૌએ અનોખી રીતે પોતાના કાર્યને કરવા માટે પ્રવિણસિંહની કામગીરી જોઈ અમલી કરવા જેવું છે.





**"ગાડીની ચોરી રોકી શકાય,**
**ચોરોને તુરંત પકડી શકાય."**
**- ધારા ભટ્ટ**

# ગાડીની ચોરી રોકવા માટેને વિચાર



અરવલ્લી જિલ્લાના ઇશાન ખૂણામાં આવેલ નાનું ગામ માલપુર.માલપુરની આ છોકરી અને તેનો પરિવાર છેલ્લા કેટલાક સમયથી મોડાસા ખાતે રહે છે. મોડાસાની કલરવ સ્કૂલમાં ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતી આ નાની પરીનું નામ ધારા ભટ્ટ.ખૂબ જ ચંચળ અને તોફાની ધારા ભટ્ટ.ભણવાની સાથે તેને ડાન્સ અને ઈનડોર ગેમ્સમાં ખૂબ જ રસ છે.અનેક સ્પર્ધાઓમાં ધારા ભાગ લઈ વિજેતા બનેલ છે.ચિત્ર ને ડાન્સમાં વિશેષ રસ ધરાવતી ધારા સતત નવા નવા વિચારો કરતી અને અમલી બનાવતી રહે છે.

એક વખત એવું બન્યું કે ધારા અને તેનો પરિવાર ગાડીમાં મુસાફરી કરી રહ્યો હતો.માર્ગમાં અકસ્માત થવાને લીધે ટ્રાફિક જામ થઇ ગયો હતો. ધારા અને તેના પપ્પા ગાડીમાંથી નીચે ઉતર્યા.તેમને અકસ્માત જોયો.ખૂબ જ ગમખ્વાર અકસ્માત જોઈ ધારા જાણે બેચેન જ થઇ ગઈ. જીવનમાં પહેલી વખત તેણે આ રીતે રોડ અકસ્માત અને મૃત હાલતમાં પડેલી લાશો જોઈ હતી.

આ અકસ્માત કોને કર્યો અને અકસ્માત કરનાર કોણ હતો તે અંગે અહી આસપાસ ઊભેલા લોકો ચર્ચા કરતાં હતા. ગાડીમાં પરત આવી ધારાએ તેના પપ્પાને વાત કરી. 'પપ્પા,આ જે



ગાડી અકસ્માત કરીને અહીંથી જતી રહી તેને કઈ રીતે પોલીસ પકડશે ?' ધારાના આ સવાલનો કોઈ પાસે જવાબ ન હતો. આ જવાબને શોધવા ધારા જાણે મથામણ કરતી હતી. મંદિરથી દર્શન કરી પરત ફરતા ધારાના પપ્પાએ ગાડી રીવર્સ કરી. આ વખતે તેમની ગાડીમાં રીવર્સ કેમેરામાં પાછળથી શું આવે છે તે જોઈ શકાતું હતું.

પોતાની ગાડીમાં આવી સુવિધા જોઈ ધારાને વિચાર આવ્યો. ધારાએ પોતાનો વિચાર રજૂ કર્યો. ધારા કહે: 'પપ્પા...આવા જ બે કેમેરા આગળની તરફ હોય તો કઈ ગાડી સામેથી આવી અને કઈ રીતે અકસ્માત થયો તે બધું જ રેકોર્ડ કરી શકાય.' ડીઝાઇનમાં ફેરફાર કરવાથી અકસ્માત અને તે અંગેની બીજી ચોક્કસ જાણકારી પ્રાપ્ત કરી શકાય.

આ જ રીતે રીવર્સ કેમેરા પણ સતત ચાલુ રહે અને પાછળથી આવનાર ગાડીની વિગત પણ રેકોર્ડ કરી શકાય તેવા વિચાર સાથે ધારા સતત પેલા અકસ્માત અંગે જ વિચારતી હતી. ગુજરાતમાં જ્યારે આઈડીયા કોમ્પીટીશન કરવામાં આવી ત્યારે ૩૦૦ કરતાં વધારે વિચારો પૈકી આઈ.આઈ.એમ અમદાવાદ ખાતે રજૂ થયેલ વિચારોમાં ધારાના આ વિચારની પસંદગી થઈ હતી.





"વાહનની ચોરી રોકી શકાય,
ચોરને તુરંત પકડી શકાય."
- ઋચા પંડયા

## અનેક વાહનની ચોરી અટકી શકે છે.



પાલનપુર સ્થિત વિદ્યામંદિર સ્કુલમાં અભ્યાસ કરતી ઋચા પંડ્યા. હાલ ધોરણ દસમાં અભ્યાસ કરે છે.સંગીતના શોખ સાથે ઈલેક્ટ્રોનિક મીડિયામાં કારકિર્દી બનાવવાનું વિચારતી ઋચા નવતર વાતોને સમજવા અને તે માટે કશુંક પ્રયત્નો કરવાનું તે સતત ચાલુ રાખે છે.

સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને સમાજ સેવાના કામ કરવાનું તેને ખૂબ જ ગમે છે. પરિવારમાં નાની બેન અને મમ્મી પપ્પા સાથે તે ડીસા રહે છે.સંગીતમાં ગાયન અને વાદ્યમાં પોતાની અનોખી કુનેહ ધરાવનાર ઋચાને ભણવા કરતાં સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં વધારે રસ છે. આસપાસ બનતી ઘટનાઓ અને તે અંગેની બાબતોનો અભ્યાસ કરવાની વિશેષ રુચિ ધરાવતી ઋચા. નાની નાની સમસ્યાઓ માટે નાના નાના વિચારો કરવાનું સતત ચાલુ રાખે છે.

એક વખત એવું બન્યું. તેની સોસાયટીમાંથી એક ગાડીની ચોરી થઈ. પોલીસની કાર્યવાહી કરી પરંતુ ચોર પકડી ન શકાયા. ક્રાઈમ પેટ્રોલ અને એવી સીરીયલમાં મોબાઈલ લોકેશન ધ્વારા ગુન્હો ઉકેલવામાં પોલીસને તેણે જોઈ હોઈ તેને એક વિચાર આવ્યો. ઋચાના કહેવા મુજબ જો ગાડી બનાવનાર કંપની ગાડી બનાવે ત્યારે જ તેમાં એક સીમકાર્ડ ફીટ કરીને જ આપે.આ



સીમકાર્ડ એ રીતે ફીટ કરવું કે અન્ય કોઈને તે ના સમજ ન પડે.આ સીમકાર્ડનો નંબર તેની ગાડી ખરીદનાર ને આપવાનો.આ ગાડીમાં આપેલ સીમકાર્ડનો નંબર ગાડીની આર.સી.બુકમા લખીને આપી શકાય. આ રીતે ખૂબ જ સરળ રીતે દરેક ગાડીને ટ્રેક કરી શકાય.આમ જ્યારે આધુનિક સમયમાં ગાડીઓ અને ચોરીના બનાવ વધી રહ્યાં છે ત્યારે આ વિચાર ખૂબ જ અસરકારક બની શકે.આધુનિક સમયમાં મોટી અને મોંઘી ગાડીઓ અને ગાડીની ચોરી બાબતે જે સમસ્યાઓ જોવા મળે છે.આ સમસ્યાના સમાધાન માટે અહી એક નવો જ વિચાર આપવામાં આવેલ છે.

ઋચાના જણાવ્યા મુજબ જૂની કે જીપીએસ વગરની ગાડીના માલિકો પણ કોઈ એક સીમકાર્ડની ખરીદી કરીને પોતાની ગાડીમાં રાખે.આમ કરવાથી તેમની ગાડી ચોરાય તો પણ ગાડીમાંના સીમકાર્ડને આધારે તે ગાડી સુધી પહોંચી શકાય.સમગ્ર ગુજરાતથી આવેલ અનેક નવતર વિચારો પૈકી ઋચાનો નવતર વિચાર આઈ.આઈ.એમ ખાતે આઈડીયા કોમ્પીટીશન માટે અંતિમ સોળ વિચારમાં પસંદ થયો.વંદે ગુજરાત ચેનલનો પ્રોમો ગાવા ઉપરાંત અનેક કાર્યક્રમના નિર્માણમાં સહયોગ કરી પ્રોફેશનલ ઓળખ ઊભી કરનાર ઋચા પંડ્યાને શુભકામના.





**" નાનો વિચાર સહજ થાય,**
**ઉત્પાદન ખર્ચ ઓછો થાય."**
**- ચાર્મી પંડયા**

# તેલના ડબ્બાનો પ્રોડકશન ખર્ચ ઘટે.



બનાસકાંઠા જિલ્લાનું નાનું શહેર ડીસા. બટાકા માટે અનોખી ઓળખ ધરાવતું શહેર. અહીં ચાર્મી રહે. તેના પરિવારમાં એક મોટી બેન અને મમ્મી પપ્પા સાથે તે રહે. ઘરમાં સૌથી નાની અને સૌથી તોફાની છોકરી તરીકે તેની ઓળખ છે. ધોરણ છઠ્ઠામાં ચાર્મી અભ્યાસ કરે છે. ભણવા કરતાં તે આસપાસની વિગતો જાણવામાં અને જોવામાં વધુ રસ ધરાવે છે.

ઘરના નાના મોટા કામ હોય તો પોતાની રીતે પૂર્ણ કરવામાં તેને વધારે રસ પડે છે.ભણવાની સાથે સાથે ચાર્મીને સંગીતમાં ઊંડો રસ .ફિલ્મગીત હોય કે બાળગીત ચાર્મી સતત ગીત ગાતી ફરે છે.અત્યાર સુધીમાં તેણે અનેક વખત રેકોર્ડીંગમાં ગાયું છે. ચાર્મીએ જાહેર કાર્યક્રમોના ગીત અને ટ્યૂન ગાવામાં સહયોગ કરેલ છે. વંદે ગુજરાત ચેનલના પ્રોમો માટે ચાર્મી પણ જોડાયેલ છે.આમ બહુવિધ પ્રતિભા ધરાવતી ચાર્મી સતત નવા નવા વિચારો કરે છે.

એક વખત એવું બન્યું.ચાર્મી ઘરમાં રમતી હતી.તેની મમ્મીને તેલના ડબામાંથી તેલ નાની બરણીમાં કાઢતી હતી.આ વખતે ચાર્મી એ જોયું તો તેલના ડબાને પકડવામાં અને તેલ કાઢવામાં ખૂબ અગવડ પડતી હતી. તેલના ડબામાં હવાના દબાણને લીધે તેલ બહાર પડે ત્યારે અનિયમિત



જથ્થામાં પડે છે.

ચાર્મીએ આ માટે તેલના ડબાને એક તરફ કાણું પાડીને તેની મમ્મીને તેલના ડબામાંથી તેલ કાઢતી જોઈ.તેને થયું ‘આ રીતે તેલને કાણું પાડવાથી તેલ સરળતાથી કાઢી શકાય છે.કામ પૂર્ણ થયું. આ તેલનો ડબો કાણો થઈ ગયો.  અહી ચાર્મીના જણાવ્યા મુજબ તેલના ડબાને કાણું પાડ્યું હોઈ તેલના ડબાનો ફરી ઉપયોગ કરવો હોય કાણા વાળા ભાગનો ફરી ઉપયોગ કરવા ઉત્પાદકનો ખર્ચ વધી જાય છે.

ચાર્મીના આ વિચારે તેલના ડબાની એક નવી જ ડીઝાઈન આપી. ગુજરાતમાંથી પસંદ થયેલ ૩૦૦ કરતાં વધારે  વિચારો પૈકી આઈ.આઈ.એમ ખાતે આઈડીયા કોમ્પીટીશન માટે પસંદ કરવામાં આવ્યો. સમગ્ર ગુજરાતમાંથી ૧૯ વિચારકોની પસંદગી થઇ.ચાર્મીના નવતર વિચારને પણ અંતિમ યાદીમાં પસંદ કરવામાં આવ્યા. આ અંતિમ છ પૈકી ચાર્મીને પોતાના  વિચારો માટે રાષ્ટ્રપતિ ભવન ધ્વારા તારીખ ૬ થી ૮ નવેમ્બર ૨૦૧૬ દરમિયાન ખાસ નિમંત્રણનું ગૌરવ પ્રાપ્ત થયું. ભણતાં ભણતાં અનેક વિચારો અમલી બનાવનાર ચાર્મી સતત વિચારોમાં રહી નવું નવું જોવાનું અને સમજવાનું ચાલું રાખે છે.





**"બીજ રોપવા મશીન બને,**
**દરેકને માટે ઉપયોગી બને."**
**- નિર્ઝર દવે**

# આધુનિક ખેતી માટેનું અનોખું સાધન



નિર્ઝરના માતાને ત્રણ બહેનો. એમાં એમના ઘરે બાવીસ વર્ષે નાના મહેમાનનું આગમન થયું. નાના અને બે માસી પાસે નિર્ઝરનો ઉછેર થયો. નિર્ઝરના પિતા વિદ્યાસહાયક અને માતા ખાનગી શાળામાં કાર્યરત હોઇ આર્થિક સ્થિતિ એટલી સારી નહતી. નિર્ઝર નાનાના ઘરે જ રહેતો. જેથી નાના-નાની અને બે માસીએ તેનો ઉછેર રાજકુમારની જેમ કર્યો. નિર્ઝર સમય જતાં બિમાર રહેવા લાગ્યો. તે રમતો હોય અને અચાનક જ તાવ ચડી જતો. અવારનવાર આવી ઘટના બનતાં સારવાર અને દવાખાનામાં લગભગ સવા વર્ષ વીતી ગયુ. એક્ષ-રે, સોનોગ્રાફી, અલગ પ્રકારના રિપોર્ટ્સ આ બધું જ કરાવ્યા પછી નિદાન થયું. નિર્ઝરને યુરીન રિફ્લેક્શનો પ્રોબ્લેમ હતો. આ નિદાન પછી નિર્ઝરના ઓપરેશનનો નિર્ણય લીધો. અમદાવાદની મેડીસર્જ હોસ્પિટલમાં ૨૪ મે ૨૦૦૭ મા સવારે ૯:૦૦ કલાકે નિર્ઝરનું ડૉ. રાજ શાહ દ્વારા ઓપરેશન થયું. ઓપરેશન ૪:૦૦ કલાક સુધી ચાલ્યું. પછીના સાત કલાક આઈ.સી.યુ. માં રહેવું પડયું. આ બધુ જોઇ નિર્ઝરના નાની સૌથી દુઃખી હતાં. નિર્ઝરની માતાના શબ્દોમાં કહીએ તો..."તે મારી તમામ દુઃખદ પરિસ્થિતિમાં મારી સાથે પડછાયાની જેમ રહી છે. પિતાનો આર્થિક સહારો તેમજ મક્કમ મનોબળે મને સહારો પૂરો પાડ્યો." ઓપરેશનના બે મહિના બાદ નિર્ઝર તૈયાર થઇ ગયો.તેને કોઇ જ બિમારી નહી. ૧૧ માસની ઉમરે જ્યારે તે ચાલતા શીખ્યો ત્યારે મમ્મી આખાય રુમમા ગાદલા



પાથરતી જે કે તે પડે તો વાગે નહીં તેને ખવડાવવા કલાકો તેની પાછળ ફર્યા કરતી તેને નવડાવતી, તેને સુવડાવતી. રમકડાં અને કપડાં આપતી. આમ, બિમારી પછી નિર્ઝરનું બાળપણ ખૂબ જ સારું રહ્યું. ધીરે-ધીરે આર્થિક સંકડામણો દૂર થતાં તેની સવલતો વધી''.

ઘર એ જ વિદ્યાલયની સંકલ્પના સાચા અર્થમાં ચરિતાર્થ થતી નિર્ઝરના ઘરે જોઇ શકાય છે. ઘરની તમામ દિવાલો પર કઇને કઇ લખાણ અને ચિત્રામણ અચૂક જોવા મળે જ.

ત્રણ વર્ષની ઉંમર થતાં પાલનપુરની અને ગુજરાતમાં પણ સારી શાળાઓમાં નામના ધરાવતી વિદ્યામંદિરમાં પ્રારંભ પ્રારંભિક ઔપચારિક શિક્ષણની માતૃભાષામાં શરૂઆત કરી. નિર્ઝર શરૂથી જ અભ્યાસમાં તેજસ્વી છે. તેની જિજ્ઞાસાવૃત્તિ ખૂબ જ ગજબની છે. સતત પ્રશ્નો પૂછવા, સતત નવી જ પ્રવૃત્તિ કરવી એ નિર્ઝરનો સ્વભાવ છે. હાલે તે ધોરણ ૬ માં અભ્યાસ કરે છે. તેના માતાપિતા શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી ક્યારેય તેને અભ્યાસ માટે ફરજ પાડતા નથી. નિર્ઝરને બધા વિષય ભણવા ગમે. ખેતી માટે બીજને ચોક્કસ ઉંડાણમાં રોપી શકાય તેવી ડિઝાઈન કે વિચાર નિર્ઝરે રજૂ કર્યો.

આજ વિચારને લઈને ૧૫ મી ઑક્ટોબર ૨૦૧૬ કલામ સાહેબના જન્મદિવસે આઈઆઈએમ – અમદાવાદ ખાતે સૃષ્ટિ દ્વારા સન્માન કરવામાં આવ્યું. તારીખ ૬ થી ૮ નવેમ્બર દરમિયાન નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન-દિલ્હી ખાતે CREATIVITY WORKSHOP માં હાજર રહી ભાગ લીધો. જેમાં ૬ નવેમ્બરના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલ સમારોહમાં હાજરી અપવાનું નમંત્રણ સાંપડ્યું. આ નવતર વિચારને કારણે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા નિર્ઝરનું NATIONAL CHILD AWARD FOR EXCEPTIONAL ACHIEVEMENT 2016 (SILVER MEDAL) થી ૧૪ મી નવેમ્બર ( બાલદિન) ના દિવસે મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી ના હસ્તે સન્માન પ્રાપ્ત થયું.

નિર્ઝર પોતે મોટા થઈને વૈજ્ઞાનિક બનવાનું સપનું જુએ છે.

નિર્ઝર કુટુંબપ્રેમી વ્યક્તિત્વ ધરાવે છે અને સ્વભાવે લાગણીશીલ છે. તે તેની નાની બહેન મૌલીને ખૂબ ચાહે છે. નંદુની ઉમર ૩ વર્ષની થતા વિદ્યામંદિર જેવી સંસ્થામાં અભ્યાસ કરે છે. તે વૈજ્ઞાનિક બની દેશની સેવા કરવાનું સ્વપ્ન ધરાવે છે.





**"સાહિત્ય સર્જન શિક્ષણનું કામ,**
**મળે એમાં સૌને સન્માન."**
**- પંકજભાઈ પ્રજાપતિ**

# બાળ સર્જકો માટે સક્રિય શિક્ષક.



પંકજભાઈ પ્રજાપતિ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાની શ્રી સરવાવિભાગ પ્રા. શાળામાં ઉપશિક્ષક તરીકે ફરજ બજાવે છે.તેઓ ગુજરાતીના શિક્ષક છે અને તેઓએ એમની શાળાના બાળકોને વાર્તા, કાવ્ય હાઈકુ લખતાં કર્યાં છે. પંકજભાઈ સારા લેખક અને કવિ છે. તેઓ 'પરમ પાલનપુરી' તરીકે પોતાનું સાહિત્ય ખેડાણ કરી રહ્યા છે. બાળકોને લગતાં તેમના ત્રણ પુસ્તકો પ્રકાશિત થયાં છે જેમાં "ગીત ગાતાં પતગિયાં" તો ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત થયું છે. તો સાત જેટલાં ઈ-પુસ્તકો પ્રકાશિત થયાં છે.તેમની શાળાની એક વિદ્યાર્થીનીએ તો ત્રણસો જેટલાં હાઈકુની રચના કરી છે. તેમના ધોરણ આઠના મહેન્દ્ર પરમાર નામના વિદ્યાર્થીએ તો સો જેટલી વાર્તાઓ લખી છે.અને તેમની સતત મથામણથી "મોરલાનો ટહુકો" નામે પુસ્તક પ્રકાશિત કર્યુ

છે.તેમના વિદ્યાર્થીઓની વાર્તાઓ તો સામાયિકમાં પણ છપાય છે. પંકજભાઇ સારા વાર્તાકાર છે અને તેમની વાર્તા “ચતુર લવારૂં” ને તો "વિજયસ્વામી પારિતોષિક " પણ મળેલ છે.

વર્ષ ૨૦૧૬ના જિલ્લાના ઈનોવેશનફેરમાં તેમના ઈનોવેશન "બાલવાર્તા દ્વારા અધ્યયન"ને તો જિલ્લાના ત્રણ ઈનોવેશન પૈકી રાજયમાં સારી સરાહના પામી હતી. પંકજભાઈની સ્વરચિત વાર્તાઓ આઇ. આઇ.એમની ઇનશોધ વેબસાઇટ પર મુકાઇ છે. માતૃભાષા અભિયાન અતર્ગત પંકજભાઇ વિનામુલ્યે "પુસ્તક પરબ" પણ ચલાવે છે. તેઓએ લખેલ લેખ બાલશ્રુષ્ટિ, બાલસેતુ, સમાજસાગર, ભાવિક પરિષદ, સર્જકસેતુ, જીવનશિક્ષણ આકાશગંગા જેવા અનેક સામાયિકમાં છપાય છે. તેઓ પોતાની શાળામા "કૂંપળ" નામનુ મુખપત્ર ચલાવે છે. તેઓ સારા બાળસાહિત્યકાર છે તેઓ નવલિકા, લઘુકથાઓ, વાર્તાઓ, ગઝલક્ષેત્રે ખેડાણ કરી રહ્યા છે. તેઓ ગુજરાતીના શિક્ષક હોવા છતાં છેલ્લા સાત વર્ષેથી સતત જિલ્લા કક્ષાએ અને રાજય સુધી સાયન્સ ફેરમાં ઉત્સાહભેર ભાગ લે છે.તેમણે તેમના વર્ગના બાળકોને એવા તૈયાર કર્યા છે બાળકો ને વાર્તાનુ શિષૅક આપીને વાર્તા રચે છે ! પંકજભાઇની ખાસિયત અને આવડત એ છે કે તેઓ કોઈ પણ વાર્તાને ગીતમાં રચીને બાળકો સમક્ષ રજૂ કરે છે. પંકજભાઇએ પોતાના બાળકોને અવનવી પદ્ધતિથી ભણાવે છે. તેમણે ઘણી બધી વાક્ય વાર્તાઓની રચના કરી છે. આ કારણ બાળકને વાચનમા રસ દાખવતા થયા છે. ! સ્થાનિક બોલીમાં વાર્તા કહી શકે છે. તેમણે વિવિધ વિષયને સાંકળતી વાર્તાઓની રચના કરી છે. તેમની પાસે તેમની સ્વ રચિત બસો ઉપરાંત અન્ય થઈ કુલ આજે બે હજાર જેટલી વાર્તાઓનો સંગ્રહ છે .!! તેમણે દરેક બાળકને એક ફાઇલ આપી છે જેમાં બાળકો પોતાની સ્વરચિત વાર્તાઓ અને દૈનિકમાંથી વાર્તાઓ સંગૃહિત

કરે છે તેમના કાવ્યો સાભળ્યાં જ કરીએ તેવા હોય છે.





"દરેક દફતરમાં મળે નવીનતા,
હોય દરેકમાં ખૂબ વિવિધતા."
- અવની પટેલ

# બાળકોને માટે નવીન વિચાર કરતી છોકરી.



શાળામાં બધાં જ બાળકો મોટે ભાગે એક જ સરખા દફતર આપવામાં આવે છે. અહીં દરેક ધોરણ મુજબ દફતરને વિવિધ રીતે બનાવવાનું કહેવામાં આવે છે. ધોરણ એક માં બાળકોને પેન્સિલ અને સંચો અને રબર વારંવાર ખોવાઈ જાય છે. આ માટે સંચો અને રબર ધોરણ એક અને બે માં દફતરમાં રબર જેવી સામગ્રી ઈન્બીલ્ટ હોવી જોઈએ. આવા વિચાર સાથે તેણે ૧૫ મી। ઓકટોબરના રોજ આઈ.આઈ.એમ. અમદાવાદ ખાતે હાજરી આપી. આ ઉપરાંત કક્ષા અનુસાર ચોક્કસ બાબતો જાણકારી આ અંગે દફતર ઉપર જ છાપી કે અન્ય સ્વરૂપ આપી શકાય. આવા દરેક ધોરણ માટે વિવિધ પ્રકારના અલગ-અલગ પ્રકારના દફતર અંગે અવનીએ ડીઝાઈન બનાવી વિચારો વ્યક્ત કર્યા છે. સતત બાળકો માટે નવીન વિચારો કરવા અવનીને ખૂબ ગમે છે.



"નાનું સાધન જીવન લાવે,
જીવનમાં એ રાહત લાવે."
- ચૈતન્ય જાની

## પરિવારને સંદેશો મોકલવાનો વિચાર.

ઘર-પરિવારમાં સૌ નોકરી-વ્યવસાયમાં જોડાયલ હોય અને ઘરમાં કોઈને ઓચિંતી મદદની જરૂર પડે તો ?! ચૈતન્યના પરિવારમાં પણ એવું જ હતું. તેના પપ્પા, મમ્મી વ્યવસાયમાં જોડાયેલ છે. ઘરમાં વૃદ્ધ માજીને કોઈની ઓચિંતી મદદની જરૂર પડે તો ? બિમારી કે અન્ય કારણે જરૂર પડે તો ? આ માટે ચૈતન્યએ એવું ડીવાઈસનું ઘડીયાળ કે જે સેન્સરથી નજીકના ડોક્ટર સાથે સીધો સંપર્ક કરી શકે ઈમરજન્સીની જાણ કરી શકે. તે રીતે બનાવવાનું વિચાર્યું. જે અન્યને જાણ કરી શકાય. ચૈતન્ય મહેસાણામાં રહે છે. તેના પિતાજી રેલ્વે વિભાગમાં ફરજ બજાવે છે. તેના મમ્મી શૈક્ષણિક સંકુલમાં પ્રિન્સીપાલ છે. ચૈતન્ય જાતે છઠ્ઠા ધોરણમાં ભણે છે. તેના ઘરમાં તેના દાદીમાં એકલા હોય છે. દાદીમાં જ્યારે એકદમ બિમાર થાય છે. એક સાથે ચૈતન્યના પપ્પા,મમ્મી અને કાયમી ડોક્ટરને તે અંગેની જાણ થાય તેવી સેન્સર સીસ્ટમ ગોઠવવા માંગે છે. સમજૂતી આપી છે. આ માટે પરિવારને એક સાથે જાણ થઈ શકે તેવા ડિવાઈસ માટે ચૈતન્યએ મહેનત કરી છે. આ માટે હજુ વધારે પ્રયત્ન કરી ચોક્કસ પરિણામ માટે તે આશાવાદી છે.





**"અવનવું વાંચતા શીખવા મળે,**
**જોડાક્ષર વગરની વાર્તા મળે."**
**- ડૉ. ભાવેશ પંડયા**

## ૧૫૦૦ કરતાં વધુ વાર્તા લખવા માટે ડૉકટરની ડિગ્રી.



એક જ વ્યક્તિમાં એક કરતાં વધારે કૌશલ્યો હોય.આ કૌશલ્યોનું યોગ્ય ઉપયોજન જોવું હોય તો ડૉ.ભાવેશ પંડ્યાને મળવું પડે.એક શાળા.અહી સો કરતાં વધારે વિદ્યાર્થીઓ.અહી એક કરતાં વધારે ધોરણમાં કામ કરવાનું હતું. વિદ્યાર્થીઓ માતૃભાષાનું વાચન કૌશલ્ય ધરાવતાં ન હતાં.વિદ્યાર્થીઓ જોડાક્ષરનું વાચન કરતાં ન હતાં.આ માટે તેમણે જોડાક્ષરની વિગતો વગર વાર્તાઓ લખી.તેઓ એક ઉત્તમ કાર્ટૂનિસ્ટ હોઈ વાર્તાના ચિત્રો પણ બનાવ્યાં.

વિદ્યાર્થીઓ દૈનિક પત્રના ઉપયોગ વડે અને ખાસ આ પ્રકારની વાર્તાની મદદથી વિદ્યાર્થીઓ જોડાક્ષર વગર વાંચતાં થઇ ગયા.ભાષા ઉપરાંતનું શીખવા માટે દૈનિક પત્રને અસરકારક મધ્યમાં તરીકે ઉપયોગમાં લેનાર આ શિક્ષક છેલ્લા સાત વર્ષથી સર્વ શિક્ષા અભિયાન કચેરીમાં રાણપુર ઉગમણા વાસ ખાતે સી.આર.સી.કો.ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવે છે.

મૂળાક્ષર ઓળખથી ફકરા વાચન અને સાર લેખન સુધીની પ્રક્રિયા માટે છાપાં આધારે તેમણે બે હજાર કરતાં વધારે પ્રવૃત્તિનું આયોજન કર્યું.નજીકની શાળાઓ સુધી આ વાત પહોંચી.વાર્તાઓની માંગ વધી.વિદ્યાર્થીઓ ધ્વારા જ 'ગમતી નિશાળ'નું સંચાલન થઇ શકે તેવું આયોજન કર્યું.આઈ.આઈ.એમ.ધ્વારા'સર રતન ટાટા ઈનોવેટીવ ટીચર્સ'તરીકે ભાવેશ પંડ્યાની પસંદગી થઇ. જોડાક્ષર વગરની વાર્તાઓ,ગીતો અને ગમતી નિશાળની અહીં નોંધ લેવાઈ.



ધોરણ આઠ ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો હિસ્સો બન્યું. કરિકયુલમ ફ્રેમવર્ક તેઓ સભ્ય તરીકે જોડાયા.એક થી દસ ધોરણમાં પાઠ્યપુસ્તક નિર્માણના કન્વીનર કે લેખક તરીકે ઓછમાં ઓછું એક પુસ્તક લખવાનું તેઓ ગૌરવ ધરાવે છે.

તેમના ધ્વારા લખાયેલ અનોખી વાર્તાઓની નોંધ "ગિનિસ બુક ઓફ વર્લ્ડ" રેકોર્ડમાં નોંધ લેવાઈ.વર્લ્ડ રેકોર્ડ યુનિવર્સીટી,બ્રિટન ધ્વારા તેમને માનદ્ ડોકટરનું બહુમાન મળ્યું. આઈ.આઈ.એમ અંતર્ગત નેશનલ કક્ષાએ ઈનોવેટીવ ટીચર્સ સિલેક્શન કમિટીમાં કૉ.ઓર્ડીનેટર તરીકેની જવાબદારી સાથે કામ કરે છે. તેમનાં ૧૧૪થી વધારે પુસ્તકો યુનિવર્સીટી,બ્રિટન ધ્વારા તેમને માનદ્ ડોકટરનું બહુમાન મળ્યું. આઈ.આઈ.એમ અંતર્ગત નેશનલ કક્ષાએ ઈનોવેટીવ ટીચર્સ સિલેક્શન કમિટીમાં કૉ.ઓર્ડીનેટર તરીકેની જવાબદારી સાથે કામ કરે છે.તેમનાં ૧૨૯ થી વધારે પુસ્તકો પ્રકાશિત થયાં છે. સૃષ્ટિ ધ્વારા પ્રકાશિત 'લોકસરવાણી'ની વાર્તાનું પુસ્તક તેમને તૈયાર કર્યું. ભારતમાંથી ઈગ્નાઈટ એવોર્ડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું પુસ્તક સંગ્રહ સમાન છે. ત્રણ પુસ્તકોનું ડૉ.અબ્દુલ કલામ સાહેબની ઉપસ્થિતિ ધરાવતી 3rd ICCIG માં પદ્મશ્રી અનીલ ગુપ્તાના હસ્તે વિમોચન થયું. કેટલાક વર્ષોથી તેઓ ભારતના કેટલાંક રાજ્યો ઉપરાંત બાંગ્લાદેશ અને નેપાળ સાથે કાર્યરત છે. ૨૦૧૪માં રાષ્ટ્રપતિ ભવનમાં સૃષ્ટિ સન્માન પ્રાપ્ત કરનાર ડો.ભાવેશ પંડ્યા ઉત્તમ વાર્તાકાર અને ગાયક છે. સંગીતના દરેક સાધન વગાડી શકનાર ડૉ. ભાવેશ પંડ્યાને બાળકો સાથે કામ કરતાં જોવાની પણ મજા પડે.





"અવાજનું પ્રદુષણ અટકાવે,
નવું નવું એ અપનાવે"
- કિંજલ કટારા

# અવાજના પ્રદુષણ સામે નવતર વિચાર



મહેતાપુરા બીટ કેન્દ્ર પ્રાથમિક શાળામાં ધોરણ આઠમાં અભ્યાસ કરે છે. તેની મમ્મી ખોખા બનાવવાની ફેક્ટરીમાં છૂટક મજૂરી કરે છે. એના પપ્પા ઘોડાના ફાર્મમાં ઘોડાઓની દેખરેખ રાખવાનું કામ કરે છે. અત્યંત ગરીબ પરિવારમાથી આવવા છતાં કિંજલ પોતાની હોશિયારી અને મહેનત ને કારણે બધાનું ધ્યાન તેના તરફ કેન્દ્રીત કરે છે. તે શાળા માં થતી સહભ્યાસિક પ્રવૃત્તિ જેવી કે ક્વીઝ, મહેંદી સ્પર્ધા, રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ અનેક સન્માન પત્રો મેળવ્યા છે. કિંજલ હમેશા વિજ્ઞાન મેળામાં ભાગ લઈ જિલ્લા કક્ષા સુધી તેનું યોગદાન આપેલ છે. આ માટે અનેક પત્રો-એવોર્ડ મેળવેલ છે.

કિંજલ શાળાની હોંશિયાર વિદ્યાર્થીની છે. તે વર્ગમાં બધી બધી પ્રવૃત્તિમાં સૌથી આગળ હોય છે. તેને કાયમ વિજ્ઞાનના પ્રયોગ કરવામાં, વિજ્ઞાનની બાબતો વિષે જાણવાનો ગણો રસ છે. રિશેષના સમયમાં તે પુસ્તકાલયનો ઉપયોગ કરે છે. પ્રાણીઓ પ્રત્યે બહુજ સંવેદનશીલ છે. તેના વિષે જાણવાનો કિંજલને રસ છે. કિંજલને આસપાસની સમસ્યાઓના કારણો શોધવા ગમે છે. તેનો સ્વભાવ શાંત, સહનશીલ અને વિવેકી છે. મોટા વ્યક્તિઓને આદર અને માન આપે છે. કિંજલને બાળપણથી ગરબા રમવા અને ડાન્સ કરવાનો શોખ છે. એનો આ શોખ અને એક મહત્વના વિચાર તરફ લઈ



ગયો. સૌ ઊંઘતા હોય, અને અવાજને લીધે તેમની ઉંગ બગડતી જેથી તેમના સ્વાસ્થ્ય પર અસર થતી. આ ઉપરાંત તે સમયગાળામાં પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓના મન ઉપર પણ આની અસર થતી. તેથી કિંજલને એવો વિચાર આવ્યો કરે કે આ લાઉડ સ્પીકરો બંધ કરાવી દેવા જોઈએ પણ આ વિચાર સમસ્યાનું સમાધાન ન હતું. કારણ કે અત્યારની આ ડીજીટલ જીંદગીમાં આ લાઉડ સ્પીકર વગર કોઈપણ કાર્યક્રમ પુરો ન થાય. કિંજલે આ સમસ્યાનું બીજું સમાધાન વિચાર્યું......

જેમાં જેતે વિસ્તારમાં થતી હોય ત્યાં ધ્વનીશોષક પડદા લગાડવામાં આવે જે લાઉડ સ્પીકરથી થતાં મોટા અવાજોને બહાર ન આવવા દે. આ અવાજનું વિધુત ઊર્જામાં રૂપાંતર કરે તેવી સર્કિટ લગાડવી જોઈએ જેથી લાઉડ સ્પીકરથી થતો અવાજ દૂર સુધી જાય નહિ આ ઉપરાંત સ્પીકરના વૂફર પર પણ સર્કિટ લગાડવામાં આવે કે જયારે તેમાંથી અવાજ આવે ત્યારે વૂફરમાં કંપન ઉત્પન્ન થાય. અને તે ધ્રુજારીનું પણ વિધુત ઉર્જામાં રૂપાંતરણ થાય.

કિંજલના આ વિચાર થી રોજબરોજ અવાજને લીધી થતી સમસ્યાનું નિકાલ થઈ નીચે મુજબના લાભો તરફ દોરી જાય છે. વિચારના લાભ :

૧. આ ધ્વની શોષક ધ્વારા ઉત્પન થતા વિધુતનો નવરાત્રી સમયની રોશની અને લાઈટમાં ઉપયોગ કરી શકાય.

૨. ઘોંઘાટને લીધે ઉત્પન્ન થતી સમસ્યાઓ હલ થઈ શકે છે.

૩. આ પદ્ધતિના ઉપયોગ ધ્વારા ધ્વનીજન્ય વધુ ટ્રાફિકના કારણે ઉત્પન્ન થતાં ઘોંઘાટનું ઊર્જામાં રૂપાંતરણ કરી તે સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.

૪. આ રીતે રૂપાંતરણ થયેલી ઊર્જાનું ગમે તે સમયે ઉપયોગ કરી શકાય છે.



કિંજલનો આ વિચાર તેના પૂરતો ન રહેતાં તેને તેના શિક્ષકની મદદથી આના ઉપર કામ કરવાનું શરૂ કર્યું. જે એક મહત્વનુ ઈનોવેશન પુરવાર થયું. શું તેનું સ્વપ્ન સાકાર થઈ શકશે. ? આઈ.આઈ.એમ. માં મળેલ સન્માન આ તરફનું પ્રથમ મહત્વનુ પગથીયું છે. અને આશા રાખીએ કે તે આગળ ધપવાની શુભેચ્છા.



"કેળાની છાલના ઉપયોગ અપાર
અપાય એને નવા આકાર."
- આકાંક્ષા જીવણા

# કેળાની છાલ માંથી વિવિધ સામગ્રી નું નિર્માણ

કુ.આકાંક્ષા જીવણા
કુસૂર,મહારાષ્ટ્ર



મહારાષ્ટ્ર ના એક સોલાપુર જિલ્લાના નાનકડાં ગામ કુસૂર મા આ આકાંશા રહે છે.આ ગામની નજીક ભીમા નદી આવેલી છે.તેથી ગામ ના લોકો માટે સિંચાઇ ની સુવિધા સારી છે. આકાંશા ખેડૂત પરિવાર માંથી આવે છે એટલે એને ખેતી અને ખેડૂત ની સમસ્યાઓ સારી રીતે ખબર છે.

આકાંશા ધોરણ -૭ માં અભ્યાસ કરતી હતી ત્યારે તેને એક નવો વિચાર કરેલ. આ ઇનોવેશન રાજ્ય સ્તરે પ્રશંશા પામ્યું હતું તેનું ઇનોવેશન એ હતું કે આ વિસ્તારમાં મોટાભાગની ખેતી કેળાની છે. કેળાની હોવાને લીધે કેળાની છાલ ગમે ત્યાં પડી હોઈ અને તે ઘણું નુંકશાન કરે. ત્યારે આકાન્શાએ આ કેળાની છાલ માંથી વિવિધ પ્રકારની ચાલીસ જેટલી વસ્તુઓનું નિર્માણ કર્યું.

આ આકાંશાના ઇનોવેશન થકી વેસ્ટ માંથી બેસ્ટ બનવાનો આઈડિયા ફેલાવા લાગ્યો. તે વિસ્તારના ખેડૂતો અને ખેડૂત પરિવારો આ ઈનોવેશનના લીધે કેળાની છાલનો યોગ્ય ઉપયોગ કરવા લાગ્યા આ ઇનોવેશનમાં તેને તેની સાથી રાજલક્ષ્મી અને શાળા શિક્ષકોનો ખૂબ જ સહયોગ મળ્યો.આકાંશા ભણવામાં પણ ખૂબ તેજસ્વી છે અને ઉપરોક્ત જેવા ઇનોવેશન આજે પણ તે કરતી રહે છે.



**"કેળાની છાલના ઉપયોગ અપાર**
**અપાય એને નવ નવા આકાર"**
**- રાજલક્ષ્મી મનોહર**

# કેળાની છાલમાંથી વિવિધ સામગ્રીનું નિર્માણ

**કુ.રાજલક્ષ્મી મનોહર**
**કુસૂર, મહારાષ્ટ્ર.**

મહારાષ્ટ્રના સોલ્હાપુર જિલ્લાનું એક નાનકડું ગામ કુસૂર ની આ વિદ્યાર્થીની છે રાજલક્ષ્મીનો પુરો પરિવાર ખેતી સાથે જોડાયેલો છે આ ગામની નજીક થઇ ને એક નદી વહે છે જેના લીધે આ નદીના પાણી થી પાક ઉત્પાદન સારું રહે છે.રાજલક્ષ્મી ખેડૂત પરિવારની દીકરી હોવાથી એને ખેતીને લગતી તમામ સમસ્યાઓ થી સારી રીતે પરિચિત છે. ગ્રામ્ય કક્ષાએ ખેતી કરવા માટે ઘણી સમસ્યાઓ નડે છે જો એના બિનખર્ચાળ કેટલાક ઉપાય શોધવામાં આવે તો ખેતી સારી રીતે અને ઓછા ખર્ચે થઇ શકે.રોજ નડતી સમસ્યાઓથી રાજલક્ષ્મીને તેની સહયોગી આકાંશા અને તેના ગુરુજી નંદનકર અને રવીન્દ્ર સર ના માર્ગદર્શન હેઠળ એક ઇનોવેશન કર્યું.'' કેળાની છાલ માંથી વિવિધ પદાર્થ ''

રાજલક્ષ્મી ના આ ઇનોવેશનને વિજ્ઞાનપ્રદર્શનમાં તેને રાજ્ય અને રાષ્ટ્ર લેવેલે પોંખી.આ ઇનોવેશન થકી ખેડૂતોને ઘણો ફાયદો મળ્યો.આ ઇનોવેશન કર્યું ત્યારે રાજલક્ષ્મી ધોરણ -૭મા ઉપરોક્ત શાળામાં અભ્યાસ કરતી હતી આજે તે ધોરણ -૯મા અભ્યાસ કરે છે. આ ઇનોવેશન ને તેને આઈ.આઈ.એમ.અમદાવાદ ખાતે રજુ કર્યું અને તેના લીધે તેને વિજય શેરીચંદ અને ગુપ્તા સાહેબનું માર્ગદર્શન મળ્યું.એજ્યુકેશન ઇનોવેશન મા પણ રાજલક્ષ્મી ની આ કૃતિ પસંદ થયેલ છે.





"કોયડા બનાવતા શીખવે ફટાફટ,
કોયડા ને ઉકેલે એ કાયમ ઝટપટ."
- અશોક પરમાર

# કોયડા ઉકેલ અંગે Ph.D કરનાર શિક્ષક



શ્રી અશોક પરમારનો જન્મ કુકમા ગામમાં થયો હતો. ગણિત-વિજ્ઞાન પ્રત્યે રસ અભિરુચિના સાધનોની રચના સમજવી, નવા નવા સાધન બનાવવા એ એનો શોખ હતો.શિક્ષક કદી શીખતો ન રહેતો તે કદી શીખવી ન શકે. એ સૂત્રને સાર્થક કરવા ૧૨માં ધોરણમાં આર્ટ્સ વિષયમાં ગુજરાતમાં પ્રથમ નંબર મેળવ્યો. ત્યાર બાદ B.A. , B.Ed., M.A. In Education અને હાલે Ph.d. સુધીની શૈક્ષણિક યાત્રા વણથંભી ચાલુ જ રહી.

જી.સી.ઈ.આર.ટી. – ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૫માં ધોરણ ૫ થી ૭ ના ગણિત વિષયમાં લેખન કાર્ય ત્યાર બાદ વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૬ સુધી ધોરણ ૩ થી ૮ સુધીના ગણિત વિષયના પાઠ્યપુસ્તકનું લેખન સંપાદન પણ કર્યું.

- વર્ષ ૨૦૧૦ થી પ્રજ્ઞા કોર ટીમમાં પસંદગી.પ્રજ્ઞા સાહિત્ય નિર્માણ.
- બાયસેગના માધ્યમથી ગણિત વિષયના ધોરણ ૬ થી ૮ના પાઠનું નિર્માણ
- GIET અમદાવાદ ગણિત વિષયના પાઠોનું DD ગિરનાર પર પ્રસારણ.
- આકાશવાણી દ્વારા ગણિત વિષયના ૪ જેટલા શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ.
- વર્ષ ૨૦૧૫ IIM દ્વારા રાજ્ય કક્ષાએ ઈનોવેશનમાં પસંદગી થઈ.
- બાલફીલ્મ ફેસ્ટિવલમાં ''સ્વપ્નપંખ'' બાળફિલ્મનું નિર્માણ. આ બાળફિલ્મને પ્રોત્સાહિત



ફિલ્મનો પુરષ્કાર.

ગણિત વિષયનું પણ મેળવ્યું છે. PPT, વિડીયો રૂપાંતર, ક્વિઝ ક્રિએટર પ્રશ્નમંચ, વિડિયો ગમેનું નિર્માણ, PDF એક્સચેન્જ એડિટર દ્વારા શિક્ષણ કાર્ય. કરી તેમણે આગવી ઓળખ ઉભી કરી છે.

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી NMMSની પરીક્ષાનું પઝલ એપિસોડનું નિર્માણ કાર્ય. કરી મેન્ટલી એબેલીટી માટે પણ તેમણે નવતર કાર્યક્રમોમાં એકસપર્ટ તરીકે સેવા આપી છે.

NCERT ભોપાલ ગણિત તાલીમ અને CCRT પપેટ અને CCRT હૈદરાબાદ તાલીમ દ્વારા તેમણે રાષ્ શૈક્ષણિક કાર્યોમાં પણ પોતાનું યોગદાન આપેલ છે. હ્ વધારે આગળ વધી ગણિત જેવા વિષયને સરળ બના બાળભોગ્ય કરી શકે તેવી શુભકામના.





**"એક ઓજાર એવું અનોખું,**
**લીંબુ ઉતારે ઝડપથી કેવું."**
**- યશશ્રી પાટીલ**

# લીંબુ ઉત્પાદકો માટે મદદ કરતું ઓજાર.



અકોલેની જિલ્લા પરિષદ પ્રાથમિક શાળામાં ધોરણ -૭ સુધી છે ત્યારબાદ વધુ અભ્યાસ માટે આજુ બાજુના ગામમાં જવું પડતું હોય છે. યશશ્રી પાટીલ આ શાળાની એક તેજસ્વી વિદ્યાર્થીની છે શાળામાં યોજાતી તમામ પ્રવૃતિઓમાં યશશ્રી ભાગ લઇ ઉત્તમ દેખાવ કરે છે. તેના ઘરેથી પણ તેને શિક્ષણ માટે સહકાર મળી રહે છે. ૨૦૧૫માં શાળાના મંત્રીમંડળમા તે પસંદ થઈ હતી. તેના ભાગે સાંસ્કૃતિક મંત્રી તરીકે ની જવાબદારી આવી હતી. તેની કામગીરી માટે તેને વાર્ષિકોત્સવમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી નો પુરસ્કાર મળ્યો. તે મોટા ભાગે નૃત્ય અને કલામાં રસ ધરાવે છે. તેને તાલુકા કક્ષાના ‘‘બાળનૃત્ય ‘‘સ્પર્ધામાં પ્રથમ નંબર મળેલ છે.

શૈક્ષણિક વિષયોની સાથે તેને રમત ગમત પ્રત્યે પણ લગાવ છે. આ વિદ્યાર્થીના માતા પિતા ખેતી સાથે સંકળાયેલ હોવાથી તેને ખેતીકામ માં આવી પડતી સમસ્યા ને સુપેરે જાણે છે. તેઓ ખાસ કરીને લીંબુની ખેતી કરે છે. લીંબુ વીણવા મજુર મળતા નથી અને તેને કાંટા હોવાથી ઝડપથી કામ થઇ શકતું નથી. જેથી ઘણાં લીંબુ નીચે પડી બગડી જાય અને ખેડૂતને ઘણું નુકશાન થતું હોઈ આ વિદ્યાર્થીની એ એક ઉપાય શોધ્યો જેમાં તેને એક યંત્ર બનાવ્યો જેનું નામ લીબુ કાઢવાનો યંત્ર.

આ યંત્ર બનાવવા માટે માત્ર ત્રણસોનો જ ખર્ચ થાય છે.

આ યંત્રના અનેક ફાયદા છે. સમયનો બચાવ અને ખર્ચ ઓછો થાય છે. મજુરી ઓછી લાગે છે. માલ ખરાબ નથી થતો અને ભાવ સારો મળે છે. આજના તબક્કે યશશ્રીને શુભકામના.



"હસતાં-રમતાં બોલતાં શીખાય,
શીખીને છોકરાં ખૂબ જ રાજી થાય."
- વૈદેહી સોની

## વિદ્યાર્થીઓને સર્જનાત્મક લેખન તરફ દોરનાર શિક્ષક.

શ્રી વૈદેહી બેન ઉપરોક્ત શાળામાં ૨૦૧૦ થી કાર્યરત છે. તે અગાઉ તેણી કોમર્સ કોલેજ મહેસાણા તથા બી.બી.એ કોલેજ ગણપત વિદ્યાનગર ખેરવા મહેસાણામાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવી ચૂક્યાં છે. શાળામાં જોડાયા તે વર્ષથી જ તેની અવનવા શૈક્ષણિક પ્રયોગો ભાષામાં હાથ ધરીને બાળકોમાં ભાષા પરત્વેનો વિશેષ રસ જાગૃત કરેલ છે. વૈદેહીબેનનો મુખ્ય વિષય અંગ્રેજી હોઈ બાળકોને અંગ્રેજી નાટકો, અંગ્રેજીમાં ભવાઈ તથા અન્ય નવતર નાના પ્રયોગોથી બાળકોને નાવીન્યપૂર્ણ શિક્ષણ પુરૂં પાડે છે.

વૈદેહીબેન વર્ગખંડ શિક્ષણ ઉપરાંત જિલ્લા તથા રાજ્ય કક્ષાના અંગ્રેજી વિષયના સ્ટેટ રિસોર્સ ગ્રુપના સભ્ય પણ છે. તેણી એ શિક્ષક તાલીમ મોડ્યુલ, પ્રજ્ઞા ધોરણ -૫ અંગ્રેજી, પ્રજ્ઞા તાલીમ મોડ્યુલ તથા પ્રજ્ઞા અંગ્રેજી સાહિત્ય નિર્માણમાં લેખક તરીકે ફરજ બજાવેલ છે.

તેમના દ્વારા યોજાતા નવતર પ્રયોગના શૈક્ષણિક યજ્ઞમાં પણ તેઓ કાર્યરત છે, ધોરણ ૬થી૮ ના ગુજરાતી તેમજ અંગ્રેજીની ભાષા સજ્જતાને સરળ બનાવવા તેણીએ ભાષા સજ્જતાના ગીતો તથા જોડકણા બનાવીને બાળકોને ભાષા સજ્જતા કે જે તેમના પાઠ્યપુસ્તક સંલગ્ન છે તેને સરળ રીતે શીખવવા પ્રયાસ કરેલ છે.

શનિવારની બાલ સભામાં બાળકોને પપેટ દ્વારા વાર્તા શિક્ષણ થકી જ્ઞાન સાથે મનોરંજન પણ વૈદેહીબેન પીરસે છે. તેમણે તેમના સમયપત્રકમાં પણ સાપ્તાહિક એક તાસ મૂલ્ય શિક્ષણનો સામેલ કરેલ છે જેમાં તેણી જીવનને સ્પર્શતા તમામ પાસાઓને વાર્તા, ગીત, જીવન પ્રસંગ કે શોર્ટ ફિલ્મ દ્વારા બાળકો સમક્ષ પ્રસ્તુત કરે છે. તેણીની વિશેષ કાર્ય પદ્ધતિ virtual class તથા BISAG ના પાઠમાં પ્રદર્શિત થતી જોવા મળે છે.





**"શિક્ષણનો સમૂહમાં અમલ કરીએ,**
**વિકાસ માટે એક ડગ આગળ ભરીએ."**
**- બાલાસાહેબ વાઘ**

## અંતરિયાળ વિસ્તાર અને તેના શિક્ષકને રાષ્ટ્રીય સન્માન.

બાલાસાહેબ વાઘ  પ્રાથમિક શિક્ષક તરીકે ૨૩ વર્ષથી કાર્યરત છે,આ ૨૩ વર્ષમાં ગ્રામ્ય કક્ષાના બાળકો માટે તેઓએ ઈનોવેટીવ  શિક્ષક તરીકે નામના મેળવી છે. તેમને શૈક્ષણિક કાર્ય સાથે ઘણાં ઇનોવેટીવ વિચાર આપ્યા.બાળકો માટે શિષ્યવૃત્તિ માટે માર્ગદર્શક વ્યક્તિગત માપન સ્પર્ધા, વિજ્ઞાન પ્રદર્શન ખેલ સ્પર્ધા નું આયોજન ની સાથે સાથે શૈક્ષણીક સાહિત્ય નિર્માણ અને તેનો સુચારુ ઉપયોગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું.તેમને વિદ્યાર્થીઓ ગણિત અને અંગ્રેજી વિષય સરળતાથી શીખી શકે તે માટે નું સાહિત્યનું નિર્માણ કર્યું.જેમાં તેમને હેન્ડેડ ઓ.એચ.પી.નું નિર્માણ કર્યું હતું. તેમના આ નવા વિચાર માટે વર્ષ ૨૦૦૬મા આઈ.આઈ.એમ દ્વારા સર રતન તાતા ઈનોવેટીવ ટીચર એવોર્ડ આપવામાં આવ્યો હતો.

બાલાસાહેબ પોતાના કામથી વિદ્યાર્થીઓના દિલ તો જીતી લીધા. આટલેથી તેઓ અટક્યા નહિ તેમને મહારાષ્ટ્રની  પ્રાથમિક  શાળામાં કામ કરતા શિક્ષકો માટે ઉપયોગી માર્ગદર્શક મંચ બન્યું.જેના થકી શિક્ષકઓ ને ઇનોવેટીવ માર્ગદર્શન મળી રહે છે.

શિક્ષક તાલીમમાં પણ SCERT પૂણે મહારાષ્ટ્રમાં તેમણે રિસોર્સ પર્સનનું કામ કર્યું. બાલાસાહેબે વધુ માર્ગદર્શન મળી રહે એ માટે પુસ્તકો પણ લખ્યા. અંધશ્રદ્ધા નિવારણ, સાક્ષરતાં, સ્વચ્છતા જેવા કર્યોમાં પોતાનું યોગદાન આપ્યું છે. આવા અદના શિક્ષકને અભિનંદન.





**"ગણિતને એ સહજ શીખે,**
**કેટલાય ઘડિયા એ બોલે મુખે."**
**- લક્ષ્મણ કાંબલે**

# ગણિતને સરળતાથી સમજતો વિદ્યાર્થી.



એક નાનો છોકરો ગણિતને સરળતાથી શીખે અને સીખવે છે. ગણિત પ્રત્યે અદ્ભૂત લગાવ ધરાવનાર લક્ષ્મણ અકોલે ખાતે રહે છે.

અકોલે ગામ સોલ્હાપુરથી ૨૦ કિલોમીટર દૂર ૧૨૦૦ માણસોની વસ્તી ધરાવતું આ ગામ છે. આ ગામના લોકો નો વ્યવસાય ખેતી અને મજુરી છે. લક્ષ્મણ ના પિતા પણ ખેતી કામમા જોડાયેલા છે. લક્ષ્મણ અને તેના તેનો મોટા ભાઈ ભણવામાં ખૂબ તેજસ્વી છે. તેમના માતા પિતા તેમના ભણવા પર ખુબ ધ્યાન આપે છે. લક્ષ્મણ ગણિત અને વિજ્ઞાન વિષયમાં ઘણો રસ ધરાવે છે. લક્ષ્મણને ૩૫ સુધીના ઘડિયા યાદ છે.'' જંપ ઓર ભરો રુલ '' ઈનોવેશન માટે પુરસ્કાર મળેલ છે.

ઈનોવેટીવ આઈડિયા આપનાર લક્ષ્મણ ચિત્ર સ્પર્ધામાં પણ નિપુણ છે. ગણિતના વિષયને એ આગવી રીતે શીખે છે અને અમલ કરે છે. આવા બાળ ગણિત શાસ્ત્રીને શુભકામના.

"કસરત કરતાં ઊર્જા બને
ઊર્જાની જરૂર મને 'ને તમને"
- સારંગ મશાલે



## સ્વાસ્થ્યનું જતન, ઉર્જાનું ઉત્પાદન.

સારંગ સીદ્ધરામ મશાલે ધોરણ- ૧૧ માં સાયન્સ વિભાગમાં એ.ડી.જોશી કોલેજમાં અભ્યાસ કરે છે. આ સારંગે ધોરણ ૧૦ માં અભ્યાસ કરતો હતો ત્યારે એક નાવાચાર કરેલ. શિક્ષક પરિવારનો આ વિદ્યાર્થી ભણવામાં પણ તેજસ્વી. અહીં તેને શાળામાં યોજાતી વિવિધ જેવી કે નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, હસ્તક્ષાર જેવી સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ છે. શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે સન્માન મેળવેલ છે. દિલ્હી ખાતે યોજાયેલ રાષ્ટ્રપતિ ભવન ખાતે ઈગ્નાઈટ એવોર્ડ પણ મેળવેલ છે. તે શિષ્યવૃત્તિ પરિક્ષામા પણ ઉતીર્ણ થયેલ છે. સારંગે કરેલ કાર્યને જોઈએ.

વ્યાયામ કરતી વખતે ઉત્પન થતી ઊર્જાથી વિદ્યુત નિર્માણ કરવા માટે તેણે ગીયર બોક્ષ, ડી.સી.મોટર , પેડલ, લોખંડની ચોકર, ડાયનેમો, ચુમ્બકનો ઉપયોગ કરી સાધન બનાવ્યું.

કસરત દ્વારા શરીરના સ્નાયુઓ દ્વારા ઉત્પન્ન થતી ઊર્જા દ્વારા વિદ્યુત નિર્માણ જયારે આપણે પેડલ દ્વારા શરીર મા ઉર્જા ઉત્પન કરીએ છીએ ત્યારે ગીયર બોક્ષમાં આવેલ એક પ્રક્રિયા શરુ થશે. જેના લીધે ડી.સી.મોટર પણ ફરવાની શરુ થશે.જે ડાયનેમો બે ચુંબકની વચ્ચે હશે અહીં મોટરના લીધે જોરથી ફરવાનું શરું કરશે અને શારીરિક બળને તે વિદ્યુત ઉર્જામાં રૂપાંતર કરી શકાશે.



આમ સ્વાસ્થ્ય સાથે ઊર્જા રૂપાંતરના હેતુને સિદ્ધ કરી શકનાર સારંગ મશાલને શુભકામના.



## "શાળામાં નવતર અમલ કરીએ શિક્ષણમાં નવા વિચાર ભરીએ."

- સીદ્ધરામ રામગોંડા

# અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં નવતર વિચારનો અમલ.



સીદ્ધરામ રામગોંડા. વર્ષ ૧૯૯૩ થી સોલ્હાપુર જિલ્લામાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તે પ્રવૃત્તિશીલ શિક્ષક છે. તેમને અધ્યન અધ્યાપન કાર્યને વધુ રોચક અને અસરકારક બનાવવા માટે વિવિધ પ્રયોગો અને ઈનોવેશન કર્યા. તેમના ઈનોવેશનને આઈ.આઈ.એમ. દ્વારા સર રતન તાતા એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવ્યા. તેમને પાંચ પુસ્તકો લખ્યા છે. આજે મહારાષ્ટ્રના ઘણાં જિલ્લાના શિક્ષકોને સંદર્ભ પુસ્તક તરીકે કામ લાગે છે. જેમાંથી તેમના ત્રણ પુસ્તકોને મહારાષ્ટ્ર સરકારને ૬૦.૦૦૦ શાળાઓમાં સંદર્ભ પુસ્તક તરીકે મુક્યા છે. મહારાષ્ટ્ર રાજ્યના પાઠ્ય પુસ્તક નિર્માણ અને રાજ્યના તજજ્ઞ તરીકે પણ એમનું યોગદાન વિશેષ છે. જેમની આ વિવિધ પ્રવૃતિઓને ધ્યાને રાખી  મહારાષ્ટ્ર સરકારે તેમને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પણ આપ્યો છે.

સીદ્ધરામ અને તેમના સાથી બાલાસાહેબ વાઘ મહારાષ્ટ્રમાં શિક્ષકોને ઈનોવેશન માટે માર્ગદર્શન મળી રહે તે માટે એક ફાઉન્ડેશન પણ ઉભું કર્યું છે. તેનું ના  state innovation and research foundation રાખ્યું છે.શિક્ષકો માટે ઉભું કરેલ આ ફાઉન્ડેશનને આઈ.આઈ.એમ અમદાવાદ નું સતત માર્ગદર્શન મળી રહે છે.આ ફાઉન્ડેશન વિદ્યાર્થીઓ,શિક્ષકો અને ઈનોવેશન આઈડિયા આપનાર ને મદદ કરે છે. આ ફાઉન્ડેશન દ્વારા સીદ્ધરામ મધ્યપ્રદેશ, ગુજરાત અને દિલ્હી જેવા રાજયોમાં પોતાનું નેટવર્ક ઉભુ કર્યું છે. સીદ્ધરામના આ પ્રયત્ન થકી મહારાષ્ટ્રની એક ઈન્ટરનેશનલ કંપની એ રૂ.બે લાખની સહાય કરી રાજ્યની ઘણી શાળાઓને ડીજીટલ શાળા બનાવી છે. સીદ્ધરામ એક ઈનોવેટીવ ટીચરની સાથે સાથે એક ઉત્તમ કલાકાર પણ છે. આવા નવતર શિક્ષકને શુભકામના.



"સૌ સમાન,સૌને સન્માન,
શિક્ષણ થકી જ સાચું જ્ઞાન"
- હેમા ગણપત સિંદે (વાઘ)

# શિક્ષણ પ્રક્રિયામાં સમાનતા વડે આગવી ઓળખ.

હેમા ગણપત સિંદે તેમની ૨૩ વર્ષના કાર્યકાળમાં ઘણાં બધાં નવા વિચારો એટલે કે ઇનોવેટીવ આઈડિયા તેમના વર્ગ અને શાળામા અસરકારક રીતે રજૂ કર્યા. તેમના આ ઇનોવેટીવ પ્રયોગો શાળા ઉપરાંત જીલ્લાની ઘણી શાળાઓમાં અમલ થયેલ છે. તેમને ખાસ કરીને ૧૦૦% નામાંકન અને કન્યા શિક્ષણ માટે પ્રયત્નો કર્યા. તેમને જેન્ડર એજ્યુકેશન માટે પણ ખાસા એવા પ્રયત્નો કર્યા.તેમના આવા ઇનોવેટીવ કાર્ય માટે રાજ્ય સ્તરે સન્માનિત થયા.

જ્ઞાન સાથે ગમ્મત જેમાં ટ્રાફિક સિગ્નલ જેવી બાબતોને માટે પ્રયતો અને ઇનોવેટીવ આઈડિયા ગુણાકાર અને ભાગાકાર તેમજ બાદબાકી માટે ઇનોવેટીવ વિચાર થી અસરકારક શિક્ષણ અસરકારક વાંચન માટે તેમને ઘણા પ્રયત્નો કર્યા. તેમને કરેલા કાર્યો માં કાર્યાનુભવ માટે કરેલા પ્રયત્નો ચારેતરફ ખૂબ પોંખાયા. તેમને પોતાની શાળાને ડીજીટલ શાળા માટે ઘણું દાન પણ એકઠું કર્યું છે. જેમાં તેમને સરળતાથી શીખી શકે એ માટે વિદ્યાર્થીઓને તૈયાર કર્યા અને સાથો સાથ વિદ્યાર્થીઓને વાંચન મા રસ પેદા થાય એ માટે એક અલગ વાચનાલય બનાવ્યું છે. તેમણે પર્યાવરણ જાળવણી માટે “ ઇકો ફ્રેન્ડલી “ ત્યોહાર મનાવી બાળકોને પર્યાવરણ તરફ વિદ્યાર્થીઓને અભિમુખ કર્યા છે. આવાં શિક્ષિકાને શુભકામના.





"કરીએ વિકાસ દરેક ગામનો,
કરશું ઉપયોગ સૌ વિજ્ઞાન નો"
- રવિન્દ્ર કોલી

## વિજ્ઞાનના સહકારથી યોગ્ય વિકાસ.



મહારાષ્ટ્ર જીલ્લાના સોલાપુર તાલુકાના એક શિક્ષક. દક્ષિણ સોલાપુર તાલુકામાં તે ફરજ બજાવે.સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી રવીન્દ્ર કોલી.તેમનું બાળપણ ગામડામાં જ પસાર થયું હોવાથી તે સતત તેમની શાળાને બધી જ રીતે સજ્જ કરવા સતત પ્રયત્ન કરી રહ્યા છે.વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષક તરીકે છેલ્લા પંદર વર્ષથી તેઓ ફરજ બજાવે છે.

બાળકેન્દ્રી શિક્ષણ માટે સમગ્ર મહારાષ્ટ્રમાં પોતાની અનોખી ઓળખ ધરાવતા રવીન્દ્ર કોલી વિજ્ઞાન વિષયને સરળ કરવા માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે.આ માટે નવીનતમ વિચારોનો અમલ કરી વિજ્ઞાન વિષયને સરળ કરવાનું તેમણે ઝડપથી અમલી કર્યું છે.

શ્રી રવીન્દ્ર કોલી ધ્વારા નવતર થયેલ કાર્યોની નોધ રાજય અને રાષ્ટ્રકક્ષાએ લેવાઈ છે. તેઓ વિજ્ઞાન વિષયને સરળ કરવા કરવા રમત, પ્રવૃત્તિ અને અન્ય સારી રીતોનો અમલ કરી ચુક્યા છે.આજે સમગ્ર મહારાષ્ટ્ર અને દેશમાં આગવી ઓળખ ધરાવનાર સ્ટેટ ઈનોવેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન, સોલાપુરમાં સક્રિય રીતે પોતાની ભૂમિકા નિભાવે છે.જવાબદારી નિભાવે છે.તેમના બાળકો સાથેના કર્યો અને તેમની વિશેષ સિધ્ધિઓ માટે વર્ષ ૨૦૧૬ના નવેમ્બર મહિનામાં એ.પી.જે.અબ્દુલ કલામ ઈગ્નાઈટ એવોર્ડ સમારંભમાં તેમને રાષ્ટ્રપતિ ભવનનું નિમંત્રણ મળ્યું હતું. તેઓના આવા સરસ અને નવતર કાર્યો માટે આ તબક્કે તેમણે શુભકામના.આજે તેમના જે નવતર પ્રયોગની અહી પસંદગી થઈ છે.આ તમામ બાબતો શિક્ષણમાં અને ખાસ કરીને ગામડાની શાળાઓમાં ખૂબ જ ઉપયોગ થઈ શકે તેમ છે. અનેક નવતર કાર્ય કરનાર રવિન્દ્ર કોલીને આજના તબક્કે શુભેચ્છા.



"ભૂમિત માટે અનોખું કામ,
પરિકરના કામ કરે તમામ."
- મયુર સોઢા

# માપપટ્ટીની રચનામાં નવતર અમલ



કહેવાય છે કે જરૂરિયાત એ શોધની જનની છે.મયુર માટે આ વાત સાચી ઠરી છે.નવા ‘‘પરિકરની શોધ’’નો વિચાર આવી જરૂરિયાતને લઈને આવ્યો છે.મયુરનો આ વિચાર કંપાસબોક્સના સાધનોમાં ક્રાંતિ સર્જી શકે છે.

મયુર સોઢા અંગે જાણકારી મેળવીએ તો તે ગરીબ પરિવારમાં જન્મેલો સોઢા મયુરસિંહ વનરાજસિંહ શ્રી હિતેન ધોળકિયા વિદ્યાલય, દીનદયાળ નગર, ભુજ –કચ્છમાં ધોરણ- ૮ માં અભ્યાસ કરે છે. પિતા વનરાજસિંહ તેલની મિલમાં મજૂરી કામ કરે છે.મયુર ભણવામાં ખૂબ હોંશિયાર. પ્રાર્થના સભામાં શિક્ષક વૈજ્ઞાનિક રમકડાં બનાવતાં શીખવે ત્યારે મયુર ખુબ જ ધ્યાનથી એ સમજે. ઘરે જઈને આવા સાધનો બનાવે.

સતત નવું વિચારતા મયુરને વર્તુળ બનાવતી વખતે પરિકરને આપેલ ત્રિજ્યા પ્રમાણે પહોળું કરવું પરિકરની મદદથી વર્તુળ દોરતી વખતે પરિકરની અણી કેન્દ્રમાંથી ખસી જવી, વર્તુળ દોરતી વખતે પરિકરનું પહોળું થઈ જવું વગેરે સમસ્યા મયુરને સતાવતી. વૈજ્ઞાનિક રમકડાં

બનાવતી વખતે ઓચિંતો મગજમાં વિચાર સ્ફુર્યો કે, માપપટ્ટીમાં જ સે.મી.ના આપેલ આંકડા નીચે  કાણાં કરી દેવામાં આવે અને અલગ અલગ કાણાંમાં પેન્સિલ મુકી માપપટ્ટીને ગોળ-ગોળ ફરાવી વર્તુળ દોરી શકાય છે.

મયુરે કંપાસપેટીમાં રહેલ એક  પ્લાસ્ટિકની માપપટ્ટી લીધી તે માપપટ્ટીમાં આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ખીલીની મદદથી કાણાં પાડયા.

પ્રથમ પેન્સિલ શૂન્ય પાસે અને જેટલા સેમી ત્રિજ્યાનું વર્તુળ દોરવું હોય તેટલાં સે.મી. કાણાં પર બીજી પેન્સિલ ગોઠવો.

જો ૨.૫,૩.૫,૬.૫ સે.મી. ત્રિજ્યાનું વર્તુળ દોરવું હોય,તો એક પેન્સિલ શૂન્ય અને એક વચ્ચે આવેલ કાણાં પર ગોઠવવું અને જેટલા સે.મી. ત્રિજ્યાનું વર્તુળ દોરવું હોય તેના કરતાં એક સેમી વધારે ત્રિજ્યા પરના કાણાં પર બીજી પેન્સિલ ગોઠવીને આવું વર્તુળ દોરી શકાય છે.

આવા અનોખા સાધનાના ફાયદા પણ અનેક છે.

- આ પરિકરના ઉપયોગથી પરિકરને ત્રિજ્યા પ્રમાણે પહોળું કરવું,પરિકરનું પહોળું થવું પરિકરનું કેન્દ્રમાંથી ખસી જવું વગેરે  સમસ્યા જોવા મળતી નથી.  સાથોસાથ સરળતા રહે છે.

જો આ પરિકરને કંપાસપેટીમાં સ્થાન આપવામાં આવે તો આ સાધન માપપટ્ટી અને પરિકર બંનેની ગરજ પૂરી પાડે તેવો તેને વિશ્વાસ છે.





**"સર્જનાત્મક લેખન વિકસાવી શકાય,**
**શીખીને છોકરાં ખૂબ રાજી થાય."**
**- યોગેશ આચાર્ય**

## વિદ્યાર્થીઓને સર્જનાત્મક લેખન તરફ દોરનાર શિક્ષક.



યોગેશ આચાર્ય, સી.આર.સી. કો.ઓર્ડિનેટર, કલોલ-૩, તેમની શૈક્ષણિક લાયકાત બી.એડ.,એમ.એ.,એમ.ફીલ. છે. તેઓ છેલ્લા છવ્વીસ વર્ષથી શિક્ષણક્ષેત્રે કામ કરી રહ્યા છે. આ દરમિયાન તેઓ શિક્ષક, આચાર્ય, ડિસ્ટ્રીક્ટ પેડેગોજી એમ વિવિધ હોદાઓ પર ફરજ બજાવી ચૂક્યા છે. હાલે તેઓ સી.આર.સી.કૉ.ઓર્ડીનેટર તરીકે ક્લસ્ટરમાં કાર્યરત છે. તેઓ સ્ટેટ રિસોર્સગૃપ અને પ્રજ્ઞા કોર ટીમ મેમ્બર છે. પાઠ્યપુસ્તક લેખન અને તાલીમ મોડ્યુલ બનાવવામાં તેઓનું યોગદાન છે. જ્ઞાનશક્તિ, સારથી, પ્રેરણા, સૃજન,દિશા જેવાં સામયિક બનાવવામાં સંપાદકની ભૂમિકા અદા કરી છે. GIET,અમદાવાદ પ્રસારિત 'મારો જિલ્લો' સંદર્ભે તેમણે સ્ક્રીપ્ટ રાઈટીંગ કર્યું છે. સ્વરૂપ સંપટ માર્ગદર્શિત 'લાઈફ સ્કીલ'ના અનેક વર્કશોપમાં તેમણે ભાગ લીધો તથા આ સ્કીલ ક્લસ્ટરની શાળાઓના બાળકોમાં આવે તેવા પ્રયત્નો કર્યા. સાંપ્રત શૈક્ષણિક પ્રવાહો, મુશ્કેલીઓ અને સમાધાન સંદર્ભે તેમના લેખ પણ પ્રગટ થયા છે. વિવિધ એન.જી.ઓ. સાથે જોડાઇ, તેમની મદદથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાયક ચીજ-વસ્તુઓ પૂરી પાડવાની ઉમદા કામગીરી પણ તેઓ નિભાવી રહ્યાં છે. હાલે તેઓ પોતાનાં કલસ્ટરની તમામ શાળાઓમાં વાચન લેખન ગણન સંદર્ભે નવિનતમ પ્રયોગો કરી રહ્યાં છે. આવા પ્રયોગો કરવા માટે અન્ય શિક્ષકોને પ્રેરી રહ્યાં છે. પરીણામે ક્લસ્ટરના શિક્ષકો નવીનતમ પ્રયોગો કરી રહ્યાં છે તથા જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેરમાં ઉત્સાહથી ભાગ લઈ રહ્યાં છે. જી.સી.ઇ.આર.ટી.,એસ.એસ.એ., ડાયટ જેવી સંસ્થાઓએ તેમના કાર્યની નોંધ લીધી છે. આઇ. આઇ. એમ.,અમદાવાદે તેમના કલસ્ટરની ત્રણ શિક્ષિકાઓને ઈનોવેટીવ ટીચર રાજ્ય કક્ષાનું સન્માન



આપ્યુ છે. યોગેશભાઈના ત્રણ પ્રયોગો કે જેની નોધ આઈ.આઈ.એમ. અમદાવાદે પણ લીધી છે. -

એક્સપોઝર દ્વારા મોટીવેશન – જેમાં કલસ્ટરના શિક્ષકો, આચાર્યશ્રીઓ અને એસ.એમ.સી.ના સભ્યોને જિલ્લાની નામાંકિત શાળાઓનું એક્સપોઝર કરાવવામાં આવે છે. એક્સપોઝર મેળવેલ શાળાઓમાંથી જે કંઈ બેસ્ટ છે તેનો અમલ કલસ્ટરની શાળાઓમાં કરાવવાનો પ્રયાસ થાય છે.

શિવાંગી વાચન શિબિર - મહિનાના પ્રથમ રવિવારે કલસ્ટરકક્ષાએ વાચન શિબિરનું આયોજન કરવામાં આવે છે. હજારો રૂપિયાના પુસ્તક ખુલ્લામાં મૂકી દેવામાં આવે છે. જેમાં કલસ્ટરના વિદ્યાર્થીઓ અને શિક્ષકો રસપૂર્વક ભાગ લે છે. બે કલાક ચાલતી આ શિબિરમાં ખાનગી શાળાના વિદ્યાર્થીઓ પણ ભાગ લે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક લેખનનો વિકાસ થાય તે માટે તેમણે ઈતર વાંચન તરફ ધ્યાન કેંદ્રિત કર્યુ. વિદ્યાર્થીઓને એક્સપોઝર વિઝિટ, પ્રવાસ પર્યટનમાં લઈ ગયા. અનુભવોનું લેખિત સ્વરૂપ અપાવ્યું. જુદી જુદી નિબંધ, વાર્તા, કવિતાની પ્રોજેક્ટ શીટ બનાવી. લેખન માટે મુક્ત વાતાવરણ પૂરું પાડ્યુ. શબ્દકોશનો ઉપયોગ શરૂ કરાવ્યો. દરેક શાળામાંથી 'સૃજન' નામે બાળસામાયિક (હસ્તલિખિત અંક) બહાર પડાવ્યા.

હાલે તેઓ પોતાના નવીન પ્રયોગ 'જ્યોતિ કાઉન્સેલિંગ સેન્ટર ઉપર કામ કરી રહ્યા છે. ધોરણ આઠ પાસ કરીને ગયેલા, અત્યારે ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને આર્થિક સહાય આપી રહ્યા છે. જેમાં લોકસહયોગથી વિદ્યાર્થીઓને રોકડ સહાય, સ્ટેશનરી તથા પુસ્તકો આપી રહયા છે. તજજ્ઞો દ્વારા માર્ગદર્શનની સગવડ કરી છે.

તેમના ક્લસ્ટરની મોટાભાગની શાળાઓ એ- ગ્રેડની છે. તેઓ શાળાઓને લોકસહયોગથી સમૃદ્ધ કરી રહ્યા છે. વાચન ગણન લેખનમાં કચાશ દૂર થાય અને ઉમદા નાગરિક બને તેવું તેમનું ધ્યેય છે. અનેક વિધ પ્રવૃતિ સાથે જોડાયેલ શ્રી યોગેશભાઈ આચાર્યને શુભકામના.





**"નવા નદીસર અનોખું ગામ,**
**દેશમાં ઓળખાય એવું છે કામ."**
**- રાકેશ પટેલ**

## આ બ્લોગની વડાપ્રધાન પણ મુલાકાત લે છે.



શ્રી રાકેશ પટેલ નવા નદિસર પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. જ્યાં શિક્ષણ મેળવનારી પહેલી પેઢી છે એવા ગામમાં શિક્ષણની જાગૃતિ ફેલાવવી. છોકરીઓના શિક્ષણ માટેની વાલીઓની ઉદાસીનતા, ઉપેક્ષા દૂર કરવી. તેવા હેતુ સાથે કાર્યરત શ્રી રાકેશ પટેલ માને છે. માત્ર લાગણી કે માત્ર જોશથી જ નહિ પણ શિક્ષણમાં માળખાગત રીતે વ્યવસ્થાપન બદલાવ લાવવો જરૂરી છે. શિક્ષણ એટલે પુસ્તકો જ - એ માન્યતાને બદલે- શિક્ષણને બાળકોના જગત સાથે જોડવું તે માટે કાર્ય કરે છે. બાબતોનો સ્વીકાર કરી શૈક્ષણિક કાર્ય ઉપરાંત વિદ્યાર્થીઓમાં હાયર ઓર્ડર સ્કીલનો વિકાસ થાય તેવા પ્રયત્નો સતત કરી શિક્ષણ વ્યવસ્થાને બાળકેન્દ્રી બનાવવામાં સફળ રહ્યા છે. શ્રેષ્ઠ શાળા વડે શ્રેષ્ઠ નાગરિક, શ્રેષ્ઠ નાગરિક વડે શ્રેષ્ઠ સમાજ, શ્રેષ્ઠ સમાજ વડે શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ આવા અનોખાં વિચારધારા કે જેમાં વિષયો બાળક માટે નહીં, કારણ કે વિષયો બાળક માટે છે, બાળકો વિષયો માટે નહિ. શાળાના સહકર્મીઓને સાથે ઇનોવેટીવ પ્રવૃતિઓ ઉપરાંત શાળામાં ‘‘નાગરિક ઘડતર’’ પ્રવૃત્તિનો પ્રયોગની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ છે.

તેમના વિવિધ પ્રયોગોની એમ.એચ.આર.ડી.માટેની જાહેરાત માટે યુનિસેફ ઇન્ડિયાએ નોધ લઇ ફિલ્માંકન કર્યું છે. શિક્ષણ વિષયોને રસપ્રદ બનાવવા માટેની વિદ્યાર્થીઓની બાજુનો વિચાર કરવો વિગતે નોધ કરી માત્ર શિક્ષણથી સમાજના બદલાવ અંગેની ચર્ચા કરતો શાળાનો બ્લોગ : http://nvndsr.blogspot.com આજે સૌથી વધારે જોવાતા બ્લોગ પૈકીનો એક છે.

વર્ષ ૨૦૧૦ થી ટીમ નવાનદીસરે શાળાનું ઈ-મુખપત્ર ‘‘બાયોસ્કોપ’’ શરૂ કરેલ છે. જેનાથી

શાળાને દેશ-વિદેશના વ્યક્તિઓ જાણી શકે, સરાહી શકે અને માર્ગદર્શન આપી શકે. એના આધારે સમાચાર પત્રની કોલમમાં અને કેટલીક વેબસાઈટ પર શાળા વિશેના લેખ પ્રકાશિત કરે છે.

રાજ્યના અંગ્રેજીના પાઠ્ય પુસ્તકોનું લેખન-સંપાદન ઉપરાંત

આર.ટી.ઈ. અને એન.સી.એફ. ને ધ્યાને રાખી નવરચિત પાઠ્ય પુસ્તકોમાં લેખન-સંપાદન તરીકે જવાબદારી નિભાવેલ છે.

એક્ટીવીટી બેઝ્ડ લર્નિંગ માટેની રાજ્યની કોર ટીમ સભ્ય તરીકે છત્તીસગઢ અને તમિલનાડુની શિક્ષણ વ્યવસ્થા અભ્યાસ અને તે અનુસાર ગુજરાતમાં પ્રજ્ઞા અભિગમની રચના તથા તેના માટેની અભ્યાસ સામગ્રીમાં લેખન-સંપાદન કર્યું છે.

ઉપરાંત રાજ્યના પ્રથમ ઈ-ક્લાસ માં અંગ્રેજીના પાઠનું નિદર્શન...

રાજ્યની મોનીટરીંગ એન્ડ પ્લાનિંગ કમિટી સભ્ય...

રાજ્યની શિક્ષક તાલીમની પ્લાનર કમિટી સભ્ય...

શક્ષણ અંતર્ગત વિવિધ મોડ્યુલ લેખન-સંપાદન..

વર્ચ્યુઅલ ક્લાસરૂમ પ્રોજેક્ટ- અંગ્રેજીના શિક્ષક વગરની શાળામાં ટી.વી. ના માધ્યમથી ''વર્ચ્યુઅલ ટીચર'' તરીકે કાર્યરત છે.

નેશનલ વર્કશોપ ફોર ચાઈલ્ડ રાઈટ-દિલ્હીમાં રાજ્યના શિક્ષકોના પ્રતિનિધિ તરીકે ઉપરાંત ૨૦૧૪ માં રાજ્યના શિક્ષણમંત્રીના હસ્તે રાજ્યના ઈનોવેટીવ ટીચર તરીકેનું બહુમાન મેળવેલ છે. ૨૦૧૫ માં આઈ.આઈ.એમ., અમદાવાદ ખાતે યોજાયેલ "International conference for grassroots innovations" મા ભાગ લેવો અને ત્યાં શાળાનું વિઝનનું શેરીંગ કરવાની તકનીક તેમના કામને ટૂંકમાં જોવું મુશ્કેલ છે છતાં શ્રી રાકેશ પટેલ કહે છે કે, દરેક વ્યક્તિ ક્યારેકને ક્યારેક વિદ્યાર્થી રહી છે, તે પોતાની શાળાની સારી-નરસી બંને પ્રકારની યાદો સાથે જીવે છે. હજુ પણ તમને તમારા સહાધ્યાયી મિત્રો મળે ત્યારે તમે કેટલી તન્મયતાથી શાળાજીવનને યાદ કરો છો !

જો એક પ્રાથમિક શાળા વ્યક્તિના જીવનના આઠ વર્ષો લેવા જઈ રહી હોત તો તે કેવી હોવી જોઈએ ?

આ વિચાર સાથે જે શાળાનું ઘડતર થયું તેણે અમે નામ આપ્યું –

''મસ્તી કી પાઠશાલા''



આ પ્રકારની શાળા તરફ અમારી ગતિ ક્યારથી શરૂ થ કોઈ તારીખથી કહી શકાય એમ નથી – પણ હા, ૧૯૯૮ અચાનક ધાર્યા કરતા અલગ શાળામાં આવી પડવાની લાગ અને હવે શું કરવું ? એના જવાબરૂપે જે કઈ થવાનું શ થયું.....તે આનો પાયો હતો.

શરૂઆત એકલા હાથે થઈ; સાથી મળતા ગયા તેમ કડી પણ મળવા લાગી.

આપણા શાળાકીય જીવનમાં આપણને શું કરવું ખુબ ગમતું જે- શાળાના નિયમોને કારણે આપણે નહોતા કરી શકતા...

જેમ કે પતંગ ચગાવવી, લખોટીઓ રમવી, મનફાવે તે રીતે અને તે જગ્યાએ બેસી વાંચવું-લખવું, જોર જોર થી હસવું-ગાવું-વાતો કરાવી. એક ઓરડાને બદલે ખુલ્લા આકાશ નીચેરહેવું, સાહેબના ટેબલમાં શું છે તે જોવું, ખુરશીમાં બેસીએ તો કેવું લાગે તે અનુભવવું, ઝાડ પર ચઢવું, ઘેટાં, બકરા, ચકલીઓ, વાંદરા, કીડીઓ વગેરે શું કરે છે તે જોયા કરવું.....અને આવું તો બીજું ઘણુંયે....

ટૂંકમાં કહીએ તો નકામા નિયમોથી આઝાદી !

અમે પ્રયાસ શરૂ કર્યો કે આ શાળા ફક્ત વિદ્યાર્થીઓને જ જવાબદાર હોય. અહી, વિદ્યાર્થીઓ પોતાની ઈચ્છા મુજબ અભ્યાસ કરી શકે. અહી, યોજાતી પ્રવૃતિઓ- બીજા કોઈને નહિ પણ વિદ્યાર્થીના રસ રૂચી મુજબની જ હોય !

સૌ પ્રથમ આ માટે....

- શાળામાં શું લાવવું ?
- શું ક્યાં મુકવું ?
- નવી વસ્તુ ક્યાં બનાવવી ?
- ઉજવણીઓ કેવી રીતે કરવી ?
- ક્યાં પુસ્તકો વાંચવા ?
- ક્યારે વાંચવા ?
- શાળાની અમુક પ્રવૃત્તિ – ચાલુ રાખવી કે બંધ કરવી ?
- આજે રમવું છે કે વાંચવું છે ?

જેવા નિર્ણયોમાં તેમની ભાગીદારી શરૂ કરી. તેઓ જૂથમાં ચર્ચા કરતા અને તેમના માટેના વિકલ્પો પસંદ કરતા.

શૈક્ષણિક પ્રક્રિયાને “વિષયકેન્દ્રી” ને બદલે “વિદ્યાર્થીકેન્દ્રી” બનાવી. આખરે –

આપણા માટે વિષય નહિ વિદ્યાર્થી મહત્વનો છે.

સંગીત, નવું સાહિત્ય નિર્માણ, ચિત્રકામ, નૃત્ય, પોતાના વિચારો સ્પષ્ટપણે રજૂ કરવા, નિર્ભીક રીતે પોતાની વાત રજૂ કરવી, મુશ્કેલીઓમાં શક્ય તેટલા વધુ વિકલ્પો પસંદ કરવા અને તેમાંથી પોતાની સ્થિતિ અનુસાર યોગ્ય વિકલ્પ પસંદ કરવો.

ટુંકમાં તેમના જીવનમાં જરૂરી શિક્ષણની પ્રાથમિકતા નક્કી કરી તેની પર પણ ધ્યાન આપવાનું શરૂ કર્યું.

આ બધા બદલાવની શરૂઆત નાગરિક ઘડતરની પ્રવૃતિએ કરી કે જેને શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અંતર ઘટાડવાનું શરૂ કર્યું. તેમની શાળાના બ્લોગની મુલાકાત આપને ગમશે જ તેવી આશા સાથે શ્રી રાકેશ પટેલને શુભેચ્છા.

# સંપર્ક સૂત્ર

**ડૉ. ભાવેશ પંડ્યા**
૨૮, અંકિત સોસાયટી, એરપોર્ટ રોડ. ડીસા.
બનાસકાંઠા.૩૮૫૫૩૫
email : bhaveshpandya2008@gmail.com
www.bhaveshpandya.org

**ભટ્ટ નીપા અશોકકુમાર**
૬/કર્મચારી નગર, હીરાનગર પાસે,
સોમનાથ રોડ, મહેસાણા-૧, ૩૮૪૦૦૧
neepaarpitbhatt@gmail.com

**ધારા પરેશભાઈ ભટ્ટ**
બી-૨૮,ચિત્રકુટ સોસાયટી, માલપુર રોડ,મોડાસા
જિલ્લો-અરવલ્લી- ૩૮૩૩૧૫
મો-૯૪૨૬૩૬૫૯૯૮
Email-pareshbhatt1682@gmail.com

**નિર્ઝર નૈનેશકુમાર દવે**
૩૫,જનકપુરી સોસાયટી,
ગોબરી રોડ, પાલનપુર,જિ.બનાસકાંઠા.
૩૮૫૦૦૧
Email : naineshdave75@gmail.com

**નૈનેશકુમાર કનુભાઈ દવે**
૩૫, જનકપુરી સોસાયટી,
ગોબરી રોડ, પાલનપુર,જિ.શ્બનાસકાંઠા.
૩૮૫૦૦૧
Email : naineshdave75@gmail.com

**પટેલ કુમારપાળ પ્રવિણચંન્દ્ર**
૫૯/A ઊમિયાવિજય સોસાયટી, મહાવીર નગર,
હિંમતનગર, જિલ્લાઃ સાબરકાંઠા
પિન કોડઃ ૩૮૩૦૦૧
મો. ૯૭૨૫૪ ૩૩૬૬૬
ઈ.મેલ : patelkumar33666@gmail.com

**કટારા કિંજલ અશોકભાઈ,**
ઘોડા ફાર્મ, મહેતાપુરા, હિંમતનગર
જિલ્લાઃ સાબરકાંઠા. પિન કોડઃ ૩૮૩૦૦૧
મો. ૯૪૦૯૨ ૨૫૩૫૧
ઈ.મેલ : patelkumar33666@gmail.com

**ગીતાંશ રાકેશકુમાર પટેલ**
મોટું ફળિયું, મોરવા(રેણા)
તા - શહેરા, પંચમહાલ - ૩૮ ૩૮૯૦૦૧
મો. ૯૯૭૪૫૯૮૮૧૭
Email : gitansh2007@gmail.com

**રાકેશ ચંદ્રકાન્ત પટેલ**
મોટું ફળિયું, મોરવા(રેણા) તા - શહેરા,
પંચમહાલ - ૩૮૯૦૦૧
મો. ૯૯૭૪૫૯૮૮૧૭
Email : gitansh2007@gmail.com

**અશોક મોહનલાલ પરમાર**
મોટી શેરી, કુકમા,
તા-ભુજ-કચ્છ - ૩૭૦૧૦૫
mr.ashokmp@rediffmail.com

**મયુરસિંહ વનરાજસિંહ સોઢા**
જીઆઈડીસી હંગામી આવાસ.
ભુજ-કચ્છ - ૩૭૦૦૦૧

**શરદ પાટીલ**
૬૬/એ. 'અંજામાઈ' તાશ્કંદ નગર.
બાલાજી કોમ્પ્લેક્ષ સામે.
જલાલપોર રોડ, નવસારી. ૩૯૬૪૪૫
sharadpatil71@gmail.com

**જય કૃષ્ણ પાટીલ**
૨૫,ચિન્મય સોસાયટી,પર્વત ગામ.
ઉધના.સુરત.

**પ્રવીણસિંહ ઝાલા 'મૌલિક'**
રૂઘનાથપુરા પ્રાથમિક શાળા.
મુકામઃરુઘનાથપુરા.પોસ્ટઃમહીસા.
તાલુકોઃ કઠલાલ. જીલ્લોઃખેડા -૩૮૭૬૪૦

**હાર્દિક પ્રવીણસિંહ ઝાલા**
કલેસર પ્રાથમિક શાળા.
મુકામઃકલેસર.પોસ્ટઃછીપડી
તાલુકોઃકઠલાલ. જીલ્લોઃખેડા - ૩૮૭૬૩૫

**ઋચા પંડ્યા**
૨૮, અંકિત સોસાયટી, એરપોર્ટ રોડ. ડીસા.
બનાસકાંઠા.૩૮૫૫૩૫
email : 7rangiskill@gmail.com

**ચાર્મી રૂપલ ભટ્ટ**
૨૮, અંકિત સોસાયટી, એરપોર્ટ રોડ. ડીસા.
બનાસકાંઠા.૩૮૫૫૩૫
email : 7rangiskill@gmail.com

**પ્રીતિ ગાંધી**
C:૨૯, વખારીયા નગર ફ્લેટ.
ચોથો માળ. પોલીસ ગ્રાઉન્ડ પાસે.
કલોલ.૩૮૨૭૨૧
email: pritigandhi72@gmail.com

**યોગેશ આચાર્ય**
C:૨૯, વખારીયા નગર ફ્લેટ.
ચોથો માળ. પોલીસ ગ્રાઉન્ડ પાસે.
કલોલ.૩૮૨૭૨૧
emai: yogesh24770@gmail.com

**નિષ્ક અર્પિત ભટ્ટ**
૬/કર્મચારી નગર, હીરાનગર પાસે,
સોમનાથ રોડ, મહેસાણા-૧, ૩૮૪૦૦૧
e-mail : neepaarpitbhatt@gmail.com

**યુગ્વી કેતુલ સોની**
૧૦, મધુમાલતી સોસાયટી,
ડેટા હાઉસ ની સામે, વેજલપુર બસ સ્ટેશન પાસે
વેજલપુર, અમદાવાદ- ૩૮૦૦૫૧
sonivaidehi10@gmail.com

**વૈદેહી હસમુખલાલ સોની**
૧૦, મધુમાલતી સોસાયટી,
ડેટા હાઉસ ની સામે., વેજલપુર બસ સ્ટેશન પાસે
વેજલપુર, અમદાવાદ- ૩૮૦૦૫૧
sonivaidehi10@gmail.com

**કે.વી.પટેલ**
H૧-છ૭-૨૩ સરદારધામ સોસાયટી, સેકન્ડ લાઈન,
મોઢેરા રોડ,મહેસાણા

**અવની કિરીટભાઈ પટેલ**
સરદાર હાઈટ્સ, સરદાર ધામ.
મોઢેરા રોડ,મહેસાણા.

**ચૈતન્ય પી.જાની**
પાર્ટ:૧, ૨૯.શિવ સોસાયટી
ટી. બી.હોસ્પિટલ રોડ,મહેસાણા.

**સિદ્ધરામ આર.માશાલે**
છ:૨૦૫, રેણુકા નગરી
જિલ્લો:સોલપુર, મહારાષ્ટ્ર, ૪૧૩૦૦૮

બાલસાહેબ એસ.વાઘ
૧૩૦.ધનશ્રી નગર, સદ્ધિચ્છા સોસાયટી
જવલ.જિલ્લો:વિજાપુર રોડ
સોલપુર, મહારાષ્ટ્ર- ૪૧૩૦૦૪

**રવિન્દ્ર પાંડુરંગ કોલી**
મુ.પોસ્ટ:ઉલે. તાલુકો:દક્ષિણ સોલપુર
જિલ્લો:સોલપુર, મહારાષ્ટ્ર - ૪૧૩૦૦૨

**શ્રીમતી હેમા ગણપત શિંદે**
૧૩૦.ધનશ્રી નગર, સદ્ધિચ્છા સોસાયટી
જવલ.જિલ્લો:વિજાપુર રોડ, સોલપુર
મહારાષ્ટ્ર- ૪૧૩૦૦૪

**સારંગ સિદ્ધરામ મશાલ**
છ:૨૦૫, રેણુકા નગરી
જિલ્લો:સોલપુર, મહારાષ્ટ્ર - ૪૧૩૦૦૮

**કુ.આકાંશા જી.વ્હનમાને**
મુ.પોસ્ટ:કુસુર, તાલુકો:દક્ષિણ સોલપુર
જિલ્લો:સોલપુર - ૪૧૩૨૨૧

**કુ.રાજલક્ષ્મી એમ.નરોટે વ્હનમાને**
મુ.પોસ્ટ:કુસુર તાલુકો:દક્ષિણ સોલપુર
જીલ્લો:સોલપુર - ૪૧૩૨૨૧

**લક્ષ્મણ પોપટ કાબલે**
જિલ્લા પરિષદ પ્રાથમિક શાળા.
અકોલે(મં) તાલુકો:દક્ષિણ સોલાપુર
જિલ્લો:સોલપુર, મહારાષ્ટ્ર - ૪૧૩૨૨૧

**યશશ્રી પ્રમોદ પાટીલ**
જિલ્લા પરિષદ પ્રાથમિક શાળા.
અકોલે(મં) તાલુકો:દક્ષિણ સોલાપુર
જિલ્લો:સોલપુર, મહારાષ્ટ્ર - ૪૧૩૨૨૧

**પંકજકુમાર એમ. પ્રજાપતિ**
સર્વાવિભાગ પ્રાથમિક શાળા
પાંથાવાડા , તા-દાંતિવાડા, જિ-બનાસકાંઠા

**મહેંદ્રકુમાર બી.પરમાર**
સર્વાવિભાગ પ્રાથમિક શાળા
પાંથાવાડા, તા-દાંતિવાડા, જિ-બનાસકાંઠા

# શુભમસ્તુ

## ઇગ્નાઇટ સોંગ

સોચેંગે ...હમ સોચેંગે...
સોચેંગે હમ સોચેંગે,
નઈ રાહ કો પાયેગે.

દેખેંગે... સમજેગેં,
નયે તરીકે ખોજેગેં.
નયે દોર મેં સમજેંગે,
નઈ સોચ ફેલાયેંગે.

સોચેંગે હમ સોચેંગે,
નઈ રાહ કો પાયેંગે.
આઈ નહિ વી-મેં નહિ હમ.

નવ વિચાર સે સર્જન હોગા,
નયે ભારત કો સજાના હોગા.
સોચ કો અપની બઢાયેંગે,
નયા સવેરા લાંયેંગે.

સોચેંગે હમ સોચેંગે,
નઈ રાહ કો પાયેંગે.
મેં નહિ હમ,આઇ નહિ વી

કલામજી કે પથ પે હમ,
કલામ પંખ સે ઉડેગે.
જીવન કે હર સપનોંમે,
ધ્યેય ઉસીકો બનાયેંગે.

હમને બડે બડે સપનો કો,
છોટીસી આંખો મેં પાલા હૈં.
છોટીસી ઈસ દુનિયા મેં,
સપનોકો ભી સજાના હૈં.

સોચેંગે હમ સોચેંગે,
નઈ રાહ કો પાયેગે.

**સર્જકઃ**
**ડૉ.અનિલ ગુપ્તા**
**ડૉ. ભાવેશ પંડ્યા**
**શ્રીમતી નીપા ભટ્ટ**

